પારસમણી

અથવા

આત્માને ઓળખવાની ચાવી!

"અમીરસ ઝરે ને ટીંપા પડે તેવું હોય તો વાંચશો."

ભેટ તરીકે આપવામાં આવે છે.

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભાવસાર. જીવરામ બલદેવદાસ. ધીણોજ

(આવૃતિ પહેલી, પ્રત ૪૦૦૦).

અમદાવાદ.

ટંકશાળમાં ધી અ૦ યુનિયન પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યો.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કીંમત અમુલ્ય.

પારસમણી

અથવા

આત્માને ઓળખવાની ચાવી.

"અમીરસ ઝરે ને ટીંપા પડે તેવું હોય તો વાંચશો."

ભેટ તરીકે આપવામાં આવે છે.

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભાવસાર. જીવરામ બલદેવદાસ. ધીણોજ.

(આવૃતિ પહેલી પ્રત ૪૦૦૦)

અમદાવાદ.

ટંકશાળમાં ધી અ૦ યુનિયન પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ શામળદાસે છાપ્યો.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

કીંમત અમુલ્ય.

ગુજરાતી કોપીરાઈટ શ્રી રણછોડરાય માહારાજ.

શ્રી રણછોડરાય માહારાજ.



શ્રી રણછોડરાય માહારાજ.

શ્રી રણછોડરાય માહારાજ.

અર્પણ પત્રિકા.

મ્હારા વહાલા પરમ પુજ્ય ગુરૂદેવ મહારાજ ભગવાનલાલજી આપે જે મારા રંક ઉપર અથાગ મહેનત કરીને મ્હારા હૃદય રૂપી ક્ષેત્રમાં નિર્મળ ભક્તિ રૂપી ખાતર ભરીને કેટલાક સમય ઉપર જ્ઞાન રૂપી બીજ વાવ્યાં હતાં, ને આપની અમ્રત રૂપી, વાણી રૂપી, પાણીવડે કરીને સીંચન કર્યું હતું; ને તે હૃદય રૂપી ક્ષેત્રમાં આજે આપની કૃપાવડે કરીને મોક્ષ રૂપીયું વૃક્ષ ઉગી મોટું થયું છે. તે ઉપર નુતન પ્રકારના વિચિત્ર રંગના પુષ્પો ખીલી આવ્યાં છે, તથા અમ્રત ફળો બેસીને આજે પાકી આવ્યાં છે, તેમાંથી પહેલાં સુવાસિત પુષ્પોની રંગ બેરંગી માળા ગુંથી તથા પાકાં ફળો વીંણી એ બંન્ને વસ્તુ મારા સરધા રૂપી પાત્રમાં ભરી બેહાથ જોડી આપના પવિત્ર ચર્ણકમળમાં મુસ્તક નમાવી આ પારસમણી નામના પુસ્તક સાથે અર્પણ કરવા ભાગ્યશાળી થયો છું, તો મારા રંકની અલ્પ ભેટ સ્વીકારવા કૃપા કરશો. ને ફરીથી તેવી ભેઠો આપવા આભારી બનું એવી સેવકને આશિષ આપશો.

તા. ૨૦ માહે જાન્યુઆરી સન ૧૯૧૨

સંવત્ ૧૯૬૮ ના મહા શુદી ૧ વાર શની.

લી. હું છું......તમારો સદાનો આજ્ઞાકિત સેવક.

“ ભાવસાર ” “ જીવરામ બળદેવદાસ.”

મુ૦ ધીણોજ.

સુચના.

" આ પારસમણી સર્વે હરિજનોને ભેટ તરીકે મોકલવામાં આવેછે, તો આપે સર્વે મુમુક્ષુ ભાઇયોમાં વહેંચી આપવી. ને તમારાથી બનતી મહેનતે ઉઘરાણું કરી તે રકમ એકઠી કરી મનીઆંર્ડરથી મારા ઉપર મોકલી આપવા વિનંતી છે. તેમ કરવાથી મોટો આભાર માનવામાં આવશે. તે રકમ તમામ એકઠી કરી તેમાંથી આ પુસ્તક છાપવાનું તથા બીજું ફાલતું જે ખર્ચ થયું હશે, તે બાદ કરતાં બાકીની વધારે પડતી તમામ રકમ દુષ્કાળથી પીડાતા ગરીબોને અન્ન વસ્ત્ર વહેંચી આપવામાં આવશે. તેટલા માટે આ સાહસ ઉઠાવવામાં આવ્યું છે. તો આપે જરૂરાં ગુરીબો માટે તસ્દી લેવી."

" પ્રથમથી સહાય આપનાર ગ્રહસ્થોની યાદી."

મારા વહાલા મીત્ર! રા. રા. શા. વિઠુલદાસ પુરૂષોતમદાસ રહેવાશી મુ. ધીણોજ....તેમણે આ કામ પરમાર્થ જાણી રૂ. ૧૫ પંદર પ્રથમથી મને આપ્યા છે. બીજા રા. રા. પટેલ. નારણભાઈ ઘહેલદાસ ધીણોજ મધ્યસ્થ પંચ તેમની તરફથી તથા તેમના બહોળા મીત્રોમાંથી ઉઘરાણું કરી એક સારી રકમ મળવા વકી છે. ત્રીજા રા. રા. ભાવસાર મુલચંદભાઈ ગોપાલભાઈ રહેવાશી શહેર અમદાવાદ તાબે માધવપુરા તેમણે એક મોટી રકમ ઉઘરાણું કરી મોકલી આપવા ઇન્તેજારી ધરાવી છે....ચોથા રા. રા. પટેલ. કહાનદાસ પ્રભુદાસ રહેવાશી મોટપના તેઓ સાહેબ અત્રે પધારેલા હોય તેઓએ આ

પુસ્તકની કાચી નોંટ વાંચી જોઇ તે ઉપરથી આ પુસ્તક છપાઈ તૈ-યાર થઇ આવેથી તેની દસ કોપી મોકલી આપવાની માગણી કરેલી છે. તો તેઓ ચારે સાહેબોનો હું ઘણો ઉપકાર માનું છું. તેવી રીતે તમો સર્વ ભાઇઓ આ ધર્મના કામમાં જાતે તસ્દી લેઇ સારી રકમ એકઠી કરી તાકીદેથી મોકલી આપવાની મહેરબાની કરશો.

લી. સેવક. જીવરામ બળદેવદાસ દા. પોતે.
મુ૦ ધીણોજ પોષ્ટ–સદર.

આ પારસમણી બનાવવાના કામમાં મારા મીત્રો ! રા. રા. મોતીભાઈ રામજીભાઇ ચોધરી તથા મગનલાલ દેવચંદ ગુ૦ શાળા નં. ૧ ના આસિ૦ માસ્તર સાહેબ મુ. ધીણોજ તેઓ બંન્ને મીત્રોએ પોતાના કિમતી અમુલ્ય વખતનો ભોગ આપી પાસે બેસી કેટલોક સુધારો વધારો કરી આપ્યો છે. તો તેઓ સાહેબનો મોટો ઉપકાર માનવામાં આવે છે. તે બદલો વાળી શકવા અશકત હોવાથી હું ઈશ્વર પાસે એજ માગું છું કે–તેમની ધારેલી ઇચ્છાઓ નિરવિ-ઘ્નેથી પૂર્ણ કરે.

"વાંચો !.......વાંચો ?.....જરૂર-વાંચો."

ઓ ગરીબોના બેલી ! જરા સામું તો જુઓ ? અમો સર્વે દુષ્કાળના પંઝામાં સપડાઇ ગયા છીએ. અને અમારી પાસે જે જે કાંઈ હતું તે તમામ વેચી મારવામાં આવ્યું છે. ને હવે બીજો કોઈ પણ આધાર નહિ હોવાથી, ને અમારાથી ઉઘાડી રીતે કોઇના પાસે મગાય નહિ. તેથી ભૂખમરાના દુઃખમાં રીબાયા કરીએ છીએ ને અમોએ સાંભળ્યું છે કે...અમને ગુપ્ત રીતે મદદ મળે તેવા ગોઠવણ કરી તમોએ તથા ગૃહસ્થ શ્રીમંતોએ મળી પારસમણી નામનું એક ફંડ કહાડયું છે. તેથી અમારૂં દુઃખ ભાગશે. પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જેમ બને તેમ નાણાની મુદદ વહેલી મળવી જોઇએ. ને તેમ કરવામાં આળસ થશે તો પછી અમારી કમબખતી થવાની માટે અમારી દયાની ખાતર તમામ દેશાવરના ભાઇઓને લખવું કે નાણાં તાકીદથી મોકલી આપે એ વાત તમો ભૂલતા નહિ. છેવટમાં છેવટ અમારા ગરીબોની તો એજ અરજ છેઃ

"દુષ્કાળીઆં માટે નાણાં કોની તરફ મોકલશો, મોકલો."

રા. રા. શા૦ વિઠ્ઠલદાસ પુરૂષોતમદાસ મુકામ ધીણોજ. દેશ ગુજરાત. રા. રા. ભાવસાર. જીવરામ બળદેવ. મુ. ધીણોજ દેશ ગુજરાત. અગર તમને જે ગૃહસ્થો તરફથી પુસ્તક મોકલવામાં આવ્યાં હોય, તેમના ઉપર મનીઓર્ડરથી મોકલી આપશો.

" કુડળીઆ. "

જગમાં જીવી નવ કર્યું, પુરૂષાર્થ નવ લેશ;
તેને કેવો જાણવો, વ્યંઢળ કેરો વેશ.
જગમાં જીવી નવ કર્યું, પુરૂષાર્થ નવ લેશ;
તેને કેવો જાણવો, નાભી ઉપરનો કેશ.
નાભી ઉપરનો કેશ, કહો શું કામજ આવે;
મૂછનું નવ સારે કામ, ચુંટી નાખતા નવ ફાવે. ૧

જગમાં જીવ્યો તેહ, જેણે પરમાર્થ કીધાં;
ભર્યા લોકોના ભંડાર, દાન અગણિતાં દીધાં.
નવાણ કરાવ્યાં નિર, બેસાડી પાણીની પર્વો;
ભૂખ્યાની કાઢીં ભૂખ, થયો દાતાર જે ગરવો.
થયો દાતાર જે ગરવો, તેને ધન તે શા કામનું;
જીવ્યો જગમાં જન એહ, જેને હૃદય નામ શ્રીરામનું.



પારસ મણી

અથવા

આત્માને ઓળખવાની ચાવી.

અમીરસ ઝરે ને ટીંપાં પડે તેવું હોય તો વાંચશો.

સ્તુતિ.

નમો નમો આદ્ય ગુરૂ રાયજી, પ્રથમ પહેલો જે પુજાયજી;
તેમને પ્રણામું જોડી બે હાથજી, તમ કૃપાએ થાવું સનાથજી.
થયો સનાથ તમ કૃપાએ, તેમાંથી મેં જે કંઇ લહ્યું;
અલ્પ મતિએ જે કાંઈ જાણ્યું, પ્રભુ આપની આગળ કહ્યું.
તેમાં જે અવગુણ હોય તે, આપ હૃદય નહિ ધરો;
ભૂલ ચુકની માફી આપી, સુધારી તમો સારા કરો.

(દોહરો) કુંડળીઆ છંદ.

ઇશ્વર ઇશ્વર શું કરો, ઈશ્વર પોતા પાસ;
બાકી બહાર જ ખોળશો, તો ઉલટું થાશે હાસ.
મૃગની પાસે કસ્તુરી, ભટકે વન ચોપાસ;
નાભિમાં નિહાળતો, ન કરે કોઇની આસ.
ન કરે કોઇની આશ, સમૃદ્ધિ છે સર્વે પૂરી;
ખોળી જોયાથી જણાય, મૃગની પાસે કસ્તુરી. ૧
જેમ રાજાનો બાળકો, સ્વપ્ને ભીખારી થાય;
ઘેર ઘેર માગે ટુકડા, તોયે ભૂખ ન જાય.
અન્ન તણા સાંસા પડે, ન મળે પાત્ર કે નિર;

પગે અડવાણો ફરે, તો ક્યાંથી પહેરે હીર.
તો ક્યાંથી પહેરે હીર, છે ઘોર નિંદ્રામાં સુતો;
જાગી જુએ તો જણાય, તે ક્યાં ભીખારી હુતો. ૨
સિંહણ કેરો સુત, વાસ બકરામાં કીધો;
થયો જ બકરા ભાવ, પ્રાણી માત્રથી બીધો.
અહાર તરણાનો કરે, જોડે ચરવા જાય;
પોતાપણું ભૂલી ગયો, ધણી આપે તે ખાય.
ધણી આપે તે ખાય, ભૂલ્યો પોતાનું ખાણું;
મૂકેજ બકરા ભાવ, ત્યારે તે ખરો સિંહ જાણું. ૩
તેવી રીતે વીર તમે, બહાર નવ જોશો;
થાશો હાલ બેહાલ, ગ્રથ ગાંઠેથી ખોશો.
જુઓ કરી વિચાર, પ્રભુ સાથેનો સાથે;
કોઈ નથી કરવા કાજ, કરવું પોતાને હાથે.
કરવું પોતાને હાથે, શીદ મરો તમે દોડી;
પોતે પૂર્ણ બ્રહ્મ, દ્યો તે સાથે ચિત્ત જોડી. ૪

અખાની ચોપાઈ પ્રમાણે છપ્પા.

સુહાસણને ધણી સાથે કામ, કદી ન લે પર નરનું નામ;
તેમ કરવાથી બગડે કાજ, જાય લાખેણી લોકમાં લાજ.
તેવું તો વિધવા નારી કરે, ધણી વગર સટ્કતી ફરે;
જેને ધણી સદા છે સંગ, નિત્ય નિત્ય પામે નવલા રંગ.
હરતાં ફરતાં પેઉ છે પાસ, કહો પરની કેમ કરશો આશ;
વિયોગણ હોય તે વહેતી ફરે, સયોગણ એક ઠેકાણે ઠરે. ૧

કોઈ એક જન તે તરસ્યો થયો, મૃગજળ દેખી પીવા ગયો;
જેમ ચાલે તેમ આઘું જાય, લાગે થાકને શ્વાસ ન માય.
એતો હુતો મીથ્યા ભાસ, કહો કયાંથી જાય તેની પ્યાસ;
ખેપ કરીને થાકયો ખરો, અંતે કંઇ નહિ આવ્યો સરો.
પાછા વળી પોતામાં ફરો, અમ્રત રૂપી વહેમાંય ઝરો;
એક ટીંપાની જયાં નહોતી આશ, અર્ણવ દેખશો ચારે પાસ. ૨
કહીક જણ હરિ મળવા મથ્યા, વાંચે હરિ ભકતોની કથા;
ધ્રૂવ પ્રહેલાદનાં કીધાં કામ, હરિશ્ચંદ્રનું રહ્યું જગમાં નામ.
સહેદેવ પામ્યો પદમાવતી, નૌષદની થઇ સદગતિ;
ગુણકા વિમાને બેઠી ચડી, જઈ હજુરની આગળ ખડી.
સવરી બાઇનાં ખાધાં બોર, આહીરીયાનાં ચાર્યાં ઢોર;
ધના ભગત ઉપર બહુ હેત, વણુ બીજે નિપજાવ્યું ખેત. ૩
અજામેલ મહા પાપી હતો, ચાર જુગમાં થયો તે છતો;
દ્રૌપદીની રાખી લાજ, વિભિષણને આપ્યું અવિચળ રાજ.
પાંડવોના પૂર્યા કોડ, ના મળે જગમાં જનકની જોડ;
સુદામાનું દારિદ્ર કાપીયું, પરિક્ષતને વૈકુંઠ આપીયું.
બ્રાહ્મણીઓનું ભાતજ જમ્યા, વ્રિજવનિતાશું રંગે રમ્યા;
અમરીષની તો કીધી સહાય, દુર્વાસા આવી લાગ્યા પાય. ૪
નરસૈયાનું મહામેરૂ કર્યું, વેવાણનું અભિમાન જ હર્યું;
મંઝારીનાં રાખ્યાં બાળ, નાપિક કાજે થયા રખવાળ.
સુધનવાની કીધી છાંય, તેલ કઢા ઉકળતી ત્યાંય;
મોરધ્વજ ઉપર કીધી મહેર, આપોઆપ પધાર્યા ઘેર.

મીરાં બાઇનું પીધું ઝેર, રાણોજી કરતો હતો કેર;
એવી એવી વાતો ઘણી, જીભ્યાએ ન જાય ગણી.
કહ્યા તેતો ક્રોડપતિ થયા, આપણતો એવાને એવા રહ્યા;
કરોડ પતિયોનાં લીધે નામ, એમ આવે કાંઇ ઘરમાં દામ.
કેડકશીને તેવા થાઓ, જે ઘેર આવ્યા તે ઘેર જાઓ;
તે ઘેર છે ધન અપાર, ફરી ન આવે રળવા બહાર.
નિરભે નાણું મળશે જદા, ત્યારે ટળશે સર્વે આપદા;
તે વિના તો ફોકટ ફેલ, જેવો ઘાંચીના ઘરનો બેલ. ૬
આખો દિવસ કરે છે કામ, જુવો તપાસી ઠામનો ઠામ;
તેમ અજાણે હરી મળવા જાય, નાવે હાથમાં ને ખતા ખાય.
હરી મળવાની જો રાખે હુંસ, તો તું તારા મનને પુછ;
તે સમજ્યા વીણ હાણ જ થશે, સુધ બુધ સમુળી જશે.
પછી કંઇ નહિ આવે કામ, મુરખમાં ગણાવીશ નામ;
મન મુએ હરી મળશે ખરો, મૂકી દે બીજો ખર ખરો. ૭
જનક સુકદેવ માર્યાં હતાં મન, ભટકવા નહોતા ગયા વન;
ગુણકા ઘેરે બેઠે તરી, ખડવાંગની ખાતરી લ્યો ખરી.
અજામેલ પહોંચ્યો પેલી પાર, નહોતો નિકળ્યો ઘરથી બહાર;
ધ્રુવ પ્રલ્હાદની જુઓ રીત, જે જગમાં કરી ગયા જીત.
મોરધ્વજની તો હીંમત ખરી, તો ઘેર ચાલીને આવ્યા હરી;
એમ સૌને મળીયા ઘરમાંહી, તો આપણે જાવું નથી કાંઇ. ૮
એતો હુતા મોટા જાણ, ચોજ સમજવું તેતો હાણ.
સોનાની ઘુગરી હોય સાર, ભીન ભીન કીધા અલંકાર.

તેમાં હળવો ભારે કિયો, જો જાણો તો ઉત્તર દીઓ;
ઘાટ કર્યા ન આવે કામ, વેચે ઉપજે સરખા દામ.
તેમ નાનું મોટું કોઈએ નથી, અમથા શું રહ્યા છો મથી;
ભ્રાંતી કાઢે ભૂલ જ જશે, સર્વે સોનાની લગડી થશે. ૯
ફરસુરામ કૃષ્ણ અવતાર, જે આવ્યા ભૂ હરવા ભાર;
નારદ સારદ શંકર શેષ, સુર્ય ચંદ્ર નિત્ય ફરે હમેશ.
વશિષ્ટ તો મહા વક્તા ખરા, જગતનો ભાર ઝીલે જે ધરા;
અગ્નિ જળ વાયુ કહેવાય, ઈંદ્ર સર્વને આપે ન્યાય.
લોમસને બગદાલવ જેહ, કાળ ઝપટમાં આવે તેહ;
ત્યાં નાનો મોટો કોણ રહ્યો, જો જાણો તો જલદી કહો. ૧૦
નાના મોટા દેખાય નાટ, તે સર્વે માયાના ઘાટ;
તે માયા બેઠી અળગી રમે, તેથી મન ચોદસજ ભમે.
ભમી ભમીને થયુ છે ભૂત, તેથી પ્રગટયો વંઝયા સુત;
તેને સરજ્યો આ સંસાર, કહો કેમ કરી આવે પાર.
જેમ જેમ આગળ જોવા જાય, તેમ તેમ ચીત્ત જાડેરૂં થાય;
જાડું થયું તે હવે જાશે કેમ, હું મારાનો માંય પેઠો વહેમ. ૧૧
વહેમની વાત તું મૂકને પડી, ઉઠ અવસર આવ્યો આ ઘડી;
જુદું જુદું જે દેખેછે અલગ, તેને તું દેખી લે સળગ.
તેવું દેખવાથી થાશે કામ, નહિ તો રહેવાનો આમનો આમ;
મોટા સમજ્યા છે જે ભેદ, જો તપાસી ચારે વેદ.
તે સમજ્યા વીના સુઝી નથી, નાહક સીદ મરે છે મથી;
હું મૂકવાથી થાશે કામ. જો શાસ્ત્ર તપાસી તમામ. ૧૨

તું નહિ તો કોને દુઃખ, કેમ હવે કંઇ નથી કહેનો મૂખ;
મોટા એવું સમજી રહ્યા, પ્રીત થકી પરાંગત થયા.
તેવું તું સમજીને બેસ, શીદ ઘસે દીલ પ્યારી મેશ;
જાણવું જોવું એ છે દુઃખ, ઝાઝું શું કહેવરાવે મૂખ.
પામવું પમાવવું આળપંપાળ, જ્યાં તાં પ્રભુને તું ભાળ.
તો તો તારૂં સાર્થક થશે, જે ખાશે તેની ભુખ જશે. ૧૩
મોટામાં શું ઇશ્વર હતો, નાનામાં શું રહ્યો છે જતો;
નાનાનું તે મોટું થાય, એવો છે ઇશ્વરનો ન્યાય.
ત્યારે ભારે હળવું કોણ, તારા પાસે સાંભળ્યું ઓણ;
એક બીજનાં બેછે ઝાડ, એક પથરો ને બીજો પહાડ.
તો નાનું મોટું કહેવું કને, દે ઉત્તર હું પૂછું તને;
એતો પ્રપંચનો છે ઠાઠ, કોઇ સુક્ષ્મને કોઈ વૈરાટ. ૧૪
હવેથી સૌને સરખાં જાણ, મૂકી દેજે મનની તાણ;
તાણ મૂકે તું તેવો થઇશ, સહેજ અમરાપૂરમાં જઇશ.
અમરાપૂર છે એવું ધામ, નહિ ઉજડ ને નહિ ત્યાં ગામ;
નહિ સગાં સહોદર કે સાથ, જયાં જોશો ત્યાં પોતે નાથ.
ત્યાંની વાત અહીં કોણ કહે, માટે સાને સમજી રહે;
સમજયા તેણે લીધો સાર, વણ સમજે ખાસો બહુ માર. ૧૫
એક જીવને એવી ટેવ, પથ્થર એટલા માને દેવ;
પાણી ભાળી કરે સ્નાન, કિર્તન સાંભળી માંડે કાન.
એકાદશીએ કરે અપવાસ, નિયમ રાખે છે બારે માસ;
તિર્થ જાત્રા ફરતો ફરે, મળે ગુરૂ કલ્યાણજ કરે.

સાધુ દેખે સામો જાય, ટાડા પાણીમાં ખાંતે નહાય;
ભગવો રાખે પોતે વેશ, મુડાવ્યા છે શિરના કેશ. ૧૬
પથ્થર પૂજે હરી મળતા હોય, સલાટ દુઃખી હોત ન કોય;
નિરમાં મચ્છ સદા તે રહે, ગુણુકા કિર્તન રૂડાં કહે.
અન્નવિણુ ઘણા અપવાસજ કરે, તેવા નિયમે અર્થ શું સરે;
ગંઠીયા જાત્રાએ જાતા સદા, ભોગવતા ઊલટી આપદા.
ઢોંગી સાધુ થાતા ઘણા, નિર ટાડામાં નાહ્યાની નહિ મણા;
મુડાવતા હતા શિરના કેશ, ભગવો રાખે સરવે વેશ. ૧૭
ખોટા વેશ શું આવે કામ, છેતરાશે શું સુંદર શ્યામ;
છબીલાને કોઇ છેતરી જાય, નથી સુઠ ખાધી કોઇની માય.
તેને મળવાની જો રાખો આશ, તો તે છે તમારી પાસ;
એ તે તું ને તું એ કીએ, કહો કોણુ કોણુ ને ઉત્તર દીએ.
ઉતર દેવાની નથી જાગ, હું હોણી ઉઠી છે આગ;
તે આગ આખા બ્રહ્માંડે ફરી, તું કયાંથી બેસે ઠેકાણે ઠરી. ૧૮
વાસના વાયુ ઉંચો ચઢયો, તે કારણુ તું તો રડવડયો;
અગ્નિ થઈ ગઈ ઝાકઝમાળ, સળગ્યા મેડી મંદિર માળ.
જોગી ભોગી બાળ્યા બહુ, કોણુ સાસુ ને કોણુ તે વહુ;
તપસ્વીનાં તપ ખંડીત કર્યાં, જ્ઞાનીએ જ્ઞાન મૂકયાં છે ધર્યાં.
કાજી કુટીને થાકયા કપાળ, દિગંબર ચુંટી થાકયા બાલ;
વિચાર વરસાદ જો હેઠો પડે, કહો અગ્નિ કયાં શોધ્યો જડે. ૧૯
અગ્નિનું જો જાય છે મૂળ, તેથી તને પ્રગટે છે શૂળ;
તેથી ભવમાં ભટકે ઘણું, ભૂલ્યો પોતે ઘર આપણું.

આપણા ઘરની ભાળ જો કરે, ભગ્ને અગ્નિ પાણીમાં ભળે;
તેનું શું નીત્ય લે છે નામ, તારે તો છે તારૂં કામ.
તે વિણુ બીજું આળ પંપાળ, પાણી પહેલી બાંધને પાળ;
વહે નિર શું આવે કામ, લેવડ દેવડ મૂક તમામ. ૨૦
તે ઘેર જ્યારે જાશો તમો, ત્યારે વહેવારીઆ કહીશું અમો;
બીજા ઘેર ફરે શું થાય, ધણીનું ઢોર ખાણુજ ખાય.
પરઘેર ખાતા દહાડે જદા, ઉલટી તે ભોગવે આપદા;
પડે બખડામાં બૂસાનો માર, ન મળે પાણી ન મળે ચાર.
ચાર ખાવામાં ચીત્તજ ધરો, તો તો ભટકવું પરહરો;
તે મૂકયું તો આપદા ટળી, જેમ દૂધમાં સાકર ભળી. ૨૧
તે સ્વાદનાં શાં કરૂં વખાણુ, જે ખાય તેને થાયજ જાણુ;
બીજા જોડે બેસી રહે, ખાનારો કોઇને નવ કહે.
કીધા જેવું નથી તે કામ, નહિ સમજયો લે કોનું નામ;
સમજયા તે તો સમુળગા ગયા, વગર સમજયા એમને એમ રહ્યા.
જેમ પાણીમાં પાળો ભળ્યો, ગીઠો મેરામણમાં મળ્યો;
જયાંથી પ્રગટયું તેમાં ગયું સમી, તદરૂપી પ્રકૃતિ ગઇ આથમી. ૨૨
મોટાનાં જે કર્યાં વખાણુ, તે સમજયાતા એવું જાણુ;
તેમના રસ્તે તમે તો જાઓ, આવ્યો અવસર ખોટી શીદ થાઓ.
તેમાં તમારામાં ફેરજ નથી, શાસ્ત્ર પુરાણ કહે છે કથી;
એમાં ઝાઝુ નથી કંઇ કામ, આમ જઇએ તે વળવું આમ.
બીજા મારગ છે વસમા ઘણા, તાતી વેળુમાં જેવા ચણા;
ઉપર હેઠે નીચે જાય, જ્યાં જાય ત્યાં બળ્યા કરે કાય. ૨૩

એમાંથી તે કોણુ ઉગરે, જે કૂદીને બહાર નિસરે;
નગ્ર મધ્યે જેમ લાગી લહાય, પંખીને શું ધોખો ખાય.
સ્વાન બિલાડાં કરતાં શોર, જેને ઉડયાનું નહિ જોર;
પાંખ વિનાનાં પ્રલેય થયાં, પાંખાળાં સૌ ઉડી ગયાં.
જેને અનુભવ રૂપી પાંખો મળી, તે અગ્નિમાં કેમ જાયે બળી;
અગ્નિમાં બળે તે અનુભવી નહિ, તેને જાણવો ઢોંગી સહી. ૨૪
ઢોંગીના હોય કેવા ઢંગ, અર્ધું ઉઘાડું મૂકે અંગ;
ગુરૂ થવાની મનમાં આશ, સેવક સેવકી બેસારે પાસ.
આગળ પ્રસાદના પડીયા ધરે, લોક જાણે કલ્યાણુજ કરે;
પડછા દેખાડયાની વાતો કરે, દામ ચામ સૌકોના હરે.
કામ વાસના મનમાં ખરી, તેવા ગુરૂથી શું જવાના તરી;
તરવાની નવ રાખશો આશ, હરિ મારગમાં તે છે મેવાસ. ૨૫
તે મેવાશીએ માંડયાં હાટ, મનમાં રાખે જુજવા ઘાટ;
ધન હરવામાં લાગ્યું ધ્યાન, બાંધે કંઠીઓને ફૂકે કાન.
પગ ચંપીની આશા કરે, જુવાન નારી દેખી પગ ધરે;
ઘરડી પગે વળગવા જો જાય, તો મહારાજજી કહે છે નાય.
તમો વૃદ્ધ થયા છો મા બહુ, તમારી સેવા હું કેમ ચહુ;
એવી એવી જુગતી ઘણી, એક જીભ્યાએ કેમ જાય ગણી. ૨૬
કથામાં વ્રહની વાતો કરે, ગોપીકા કૃષ્ણની પાછળ ફરે;
વાંસળી વાગીને વનમાં ગઇ, જુમનાજીમાં નગ્ન થઈ નાહી.
મધુ વનમાં નીત્ય આવી મળે, વળગ્યા કહાન ગોપીને ગળે;
રાસ મધ્યે ન રાખ્યું ભાન, એક એક ગોપીને એક એક કાન.

આખી રજની રમીયા રાસ, ઢોંગી ગુરૂઓના તેવા પાસ;
તે પાસલામાં પડશે જન જેહ, પામે કેમ ઉગરવા એહ. ૨૭
તે રાસના છે જુદા ભેદ, જુઓ તપાસી ચારે વેદ;
કૃષ્ણ કર્યું હોય તેવું કામ, તો કયાંથી રહે જગમાં નામ.
પરમાત્મા પૂરણ બ્રહ્મ એહ, જરાએ તેમાં નહિ સંદેહ;
તેવાની એ નિંદા કરે, એથી અર્થ કહો શું સરે.
પોતે કંઇ નવ જાણે લેશ, કાઢી બેઠા ગુરૂનો વેશ;
ધન હરે ધોખો નવ હરે, તે ગુરૂ કલ્યાણ શું કરે. ૨૮
કલ્યાણની જો રાખો આશ, મૂકી દો તેવા માયા દાસ;
ભૂલવણીમાં ભટકો આમ, તે સર્વે છે એમનાં કામ.
શાસ્ત્ર સર્વે સાચાં જાણ, અણ સમજે પડે ગુંચવાણ;
સમજણ હોય તો શોધી કાઢ, જાશે ગુંચવણ રૂપી આડ.
તે નહિ મળશે બીજે દેશ, તું તારો ગુરૂ થઇને બેસ;
એટલે ટળશે ખાંપણ ખોડ, બીજો નહિ જગમાં તુજ જોડ. ૨૯
આ જગ કયાંથી ઉપજે સાર, તેનો તું કરી જો વિચાર;
અદબદથી આકાશજ થયો, તેમાં વાયુ આવીને રહ્યો.
તેમાંથી થયું તેજ ઉત્પન્ન, તે તેજનું પાણી થયું તન;
પાણીમાં જ્યાં જડતા થઇ, એનું નામ કહેવરાણુ મહી.
એ પાંચનો આ ચાલે વેપાર, જગત્ નામ તેનું નિરધાર;
તે વિના બીજું કાંઇએ નથી, અમથો શું રહ્યો છે મથી. ૩૦
પૃથ્વીનો જ્યારે પ્રલેય થાય, એટલે જળમાં જઇને સમાય;
જળ જઇને તેજમાં ભળે, એટલે પાણી શોધ્યું ન મળે.

તે તેજ જઇ વાયુને મળ્યો, એટલે સમીર ત્યાં રહ્યો એકલો;
તેતો આકાશમાં ભળી જાય, આકાશ અદબદ માહી સમાય.
જેમ ઉપન્યું તેમ અદ્રશ્ય થયું, હા ના કહેનારૂં કોઇ નવ રહ્યું;
તેવું સમજી રહેજ્યો તમો; જાણ્યું તેવું કહું છું અમો. ૩૧
ત્યાં આગળ નથી પુન્ય કે પાપ, ન મળે માયેં કે ન મળે બાપ;
ન મળે ત્યાં તો રાત કે દન, નથી ઘરને નથી ત્યાં વન.
નમળે ત્યાં તો દેવ દાનવી, તો કયાંથી લાવશો માનવી;
નમળે ત્યાં તો વણજ વેપાર, ન મળે ત્યાંતો ઘરની નાર.
રામ કૃષ્ણના પત્તા ત્યાં નથી, તો ઠાલી શું કથણી કહું કથી;
ન મળે ત્યાં આકાશ કે ધરા, જયાં જોશો ત્યાં પોતે ખરા. ૩૨
તે પોતાપણું જો ખોવાઇ જવાય, તો સર્વાંગે સુખીયા થવાય;
તેમ થાય તો બાકી શુય, ટળી ગયું વચ્ચમાંથી હું હુંય.
હું કાઢવાનું છે ભાઇ કામ, એટલા માટે સર્વે ઉદ્યામ;
ખટશાસ્ત્ર જે રહ્યાં ખટપટી, સૌને છે તેના ચટપટી.
પુરાણુ જે અઢાર કહેવાય, સર્વેમાં વાતો તેની થાય;
પોકારી કહે છે ચારે વેદ, તોહે ના ભાગે કોઇનો ભેદ. ૩૩
એવી અટપટી આંટી સાર, ભણે ગણે પણ નાવે પાર;
એનો પાર કાઢવા મન થયું, અકાશ સાંભલ્યું વેંધું ગયું.
પાણીની કહો દોરડી થાય, ઘોડાની કોઈ કરશે ગાય;
પશ્ચિમ ઉગ્યો કોઇ દીઠો સૂર, વરસ્યો હિમાળો અગ્નિ નૂર.
પુરૂષને કાંઇ બાળક થાય, ધણીયાણીને કોઇ કહેશે માય;
ગાગરમાં સાગર સમાય, ગુંગો કરી શું આપશે ન્યાય. ૩૪

ઈક માંડશે શું રાજાથી હોડ, કહો કેમ પુરા થાશે કોડ;
એના જેવું એતો ખરૂં, માપ તોલ શા વડે કરૂં.
માપ તોલનું કયાં છે કામ, વળી ફરી બેસે કેમ આમ;
કેમ અરૂં પરૂં તું જુવે, થશે માપ માપણહાર મુએ.
એવું સમજી તું રહે જે મન, પછી ઘેર રહેજે કે જાજે વન;
ધુમાડો કેમ બાંધ્યો જાય, તેમ જગત્ ઉપજે અળપાય. ૩૫
તેમાં તારે શી આવે હાંણ, મૂકી દે તું મનની તાણ;
તાણ મૂકી તો તિમિર ગયું, અજવાળુ સદોદિત રહ્યું.
વળી કહું એક બીજી સાખ, હેત કરી હૃદય તું રાખ;
કોડીયામાં રહ્યો દિપક બળી, એમ રહ્યું જગત્ જળહળી.
વાસના રૂપી લાંબી વાટ, તેથી દેખાય નવનવા ઘાટ;
સ્વર્ગ મૃત્યુને પાતાળ, સાત નિચા સાત ઉંચા માળ. ૩૬
વળી અગણિત બ્રહ્માંડો ખરાં, તે તો છે તેનાથી પરાં;
પણ તૃષ્ણા રૂપિ તેલ જો ટળે, તો ખોળ્યું એકે નવ મળે.
વળી ખોળ્યાની થાય છે ખાંત, નથી છુપી રહેતું એકાંત;
ઘણુંક યત્ન કરૂં છું જથા, તે સર્વે જાય છે વૃથા.
હાંકી ઘાલું છું વાડામાંય, જોઉં બહાર તો દેખાય ત્યાંય;
એવું તેનું અટપટું રૂપ, થાકયા જોગી ભોગીને ભૂપ. ૩૭
થાકી ગુણકાઓને સતી, થાકયા જોગી વેરાગી જતી;
હવે તેનો શો કરવો ઉપાય, તે વેદના ખમી ન જાય.
કાંઈ કરવાનું નથી ભાઈ કામ, વગર ઓળખે લે કોનું નામ;
જે થાતું હોય તે છોને થાય, કહે તેમાં તારૂં શું જાય.

તેનો સ્વભાવ પડયો છે તેમ, તારાથી તે રોકાશે કેમ;
રોકવા જાય તો રઝળે ઘણું, મૂક આપથી આપાપણું. ૩૮
તો તો તારે બેસશે ઘાટ, અમથો શું કરે છે ઉચાટ;
ટળ્યું આપ તો સર્વે સમ્યું, પડયો ઠેકાણે ભટકવું રહ્યું.
કથની કથતાં ન આવે પાર, જ્યાં ત્યાં સમજી લેવો સાર;
જીવાને ગયા સંશય સોળ, છીંડું ખોળતાં લાધી પોળ.
તો હવે તે કોનાથી બીએ; જે ઘણું અમ્રત રસ પીએ;
તે રસ પીધો કોના પરતાપ, માથે કોને હુતો હાથ. ૩૯
હાથ હતો મ્હારા ગુરૂ તણો, જેનો મહિમા જગમાં ઘણો;
મારા ગુરૂ રહે છે મારા ગામ, ભગવાન લાલજી સુંદર નામ.
તેમણે પુરી મારી આશ, ખટ માસ બેસાડયો તો પાસ;
તે પણ ભક્તિ ભાવે નહિ, ખગ ભાવે સેવ્યાતા સહી.
તોયે એમને કરૂણા ધરી,ઇએલ ટાળીને ભમરી કરી;
એથી ઉઘડી અનુભવ આંખ, આવી જ્ઞાન રૂપિણી પાંખ. ૪૦
એથી હું આકાશે ફરૂં, દુઃખ સુખ મનમાં જરા ન ધરૂં;
પુરણ ભાવે ભજશે જન જેહ, તો તેનો કેમ રહેશે સંદેહ.
સંવત ઓગણી અડશઠની સાલ, પોષ માસ રૂડો વિશાળ;
કૃષ્ણ પક્ષમાં કીધું કામ, તિથિ દ્વાદશી શુભ નામ.
મંગળવાર તે મોંઘો ઘણો, સુભ મુહુર્તમાં યોગ જ બણ્યો;
કહેનારાનું કલ્પીત નામ, સર્વે પુજ્ય ગુરૂનાં કામ. ૪૧
તેમને મારાપર કીધી મહેર, બોલાવી લીધો પોતાને ઘેર;
હુંને એ બે ભેટીને મળ્યા, સંસય સર્વે હતા તે ટળ્યા.

આનંદ અર્ણવ ઉલટયો પૂર, જયાં જોઉં ત્યાં હરી ભરપૂર;
તે વિના ઠાલો નહિ ઠાંમ, સઘળે રમી રહ્યો છે રામ.
હરી હરી સઘળે થઇ રહ્યું, તે વિણ બીજું જાય નહિ કહ્યું;
સ્વર્ગ નર્કની ભાગી આડ, ખેતર નહિ તો શેની વાડ. ૪૨
મરવા જન્મવવાનો મટયો વિવેક, શિષ ગુરૂ બે થઇ ગયા એક;
નહિ ગુરૂને નહિ તે શિષ, એ તો રમી રહ્યોતો જુગદીશ.
તેને રમવાનું મન જ થાય, ગુરૂ શિષ્ય બે જુદા જ જણાય;
આખર છે તો એકના એક, જગત્ રૂપે જુદા વિવેક.
જયાં સુધી રહેશો આ ધરા, ત્યાં સુધી વહેવાર સર્વે ખરા;
તે તજવાનું નથી ભાઇ કામ, સમજી રહેવામાં સુખ તમામ. ૪૩
વહેવાર કરજો રૂડી રીત, પણ જારણી જેવું રાખજો ચિત્ત;
ત્યાં પહોંચે તેતો નર ભલો, વધશે ત્યાં અનુભવ એકલો.
કળીયુગને સૌ નિંદે જાણ, દ્વાપરનાં સૌ કરે વખાણ;
ત્રેહતાને સતયુગ તે વળી, તેની વાતતો ન જાય કળી.
તે દહાડે કહો શું હતું, આજ તેમાંથી શું રહ્યું જતું;
તેતો સમજણમાં છે ફેર, નાના પર્વતને મોટો મેર. ૪૪
મારે તો કળીયુગ પાંસરો પડયો, હરિરૂપી કર હીરો ચઢયો;
અંધારૂં હતું તે તો સર્વે ગયું, હા ના કહેનારૂં કોઇ નવ રહ્યું.
અજવાળાનો થયો પ્રકાશ, રહ્યું માખણ ટળી ગઇ છાશ;
મોટો દિવસ ગણવો કીઓ, જે દહાડે હરી ઓલખી લીઓ.
બાકી બીજા નાના જાણ, ખાલી શી કરે ખેંચાતાણ;
તાંણુ કરવાથી તુટી જશે, ઉલટું હાણુ હસારત થશે. ૪૫

એવો તો મૂરખ હોય કોક, બાપના બાપની મૂકે પોક;
આપણતો કંઇ એવા નથી, સાભળ તારૂં કહુ કુળ કથી.
તારો પિતા જગત્‌નો ભૂપ, નિરંજન નિરાકાર સ્વરૂપ;
એમને જ્યારે સ્ફુરણા થઇ, આદ્ય શક્તિ ઉત્પન્ન કરી સહી.
એ બંન્ને મળી કીધો ભોગ, વાધ્યો સંસાર રૂપી આ રોગ;
તેમના પર્વત પહાડજ થયા; સુર્ય ચંદ્ર આવી આકાશે રહ્યા. ૪૬
થયા નાગદેવને દાનવી, ગાંધર્વ કિનર યક્ષ માનવી;
અગ્નિ વાયુ તેનાં થયાં, પાણી પૃથ્વી આવીને રહ્યાં.
વનસ્પતિ જે ભાર અઢાર, કલ્પ દ્રૂમ આદિક જે ઝાડ;
નવસેં નવાણું જે કહીએ નદી, સાત સાહેર મોટા ઉદધી.
સહસ્ર અઠ્ઠાશી રૂષિ કહે, ભુત પ્રેત અવનીમાં જે રહે;
છપ્પન કોટી જાદવ જે કહ્યા, તે પણ તેમાંથી ઉત્પન્ન થયા. ૪૭
મઘવાદિક કરે જે રાજ, તે પણ સઘળો તેનો સાજ;
કિટ પતંગથી બ્રહ્મા લગી જેહ, સર્વે આવે ત્યાંથી ધરી દેહ.
તે વિના જે જે દેખાય, તે પણ તેમાંથી પૈદા થાય;
દ્રષ્ટી અગોચર જણાય છે જે, તે પણ કારણ તેહનું તે.
તેમાં આવી ગયા તુંને હું બે, કુળ તારામાં ખાંપણ હોય તો કે.
તારા પિતાને શીછે મણા, દાસ દાસી ઘેર સેવક ઘણા. ૪૮
ચૌદ કોટી બ્રહ્માંડનું રાજ, કહો બાકી શું રહ્યું છે કાજ;
તેની ઉપજ નિત્ય આવે ઘણી, શેષનાગે નવ જાયજ ગણી.
સરસ્વતિ ગણતાં હારે હોડ, બીજો કયાંથી લાવું એની જોડ;
તેનો ભોગદારી તું પુત્રજ થયો, તો એ કેમ ભીખારી જ રહ્યો.

ઘેર ઘેર ફરતો માગે ભીખ, નિચ તને કેટલી દેઉં શીખ;
તારા બાપની ખાવે લાજ, શું કરવા ધાર્યું છે કાજ. ૪૯
કાજતો કાંઈ કરવું નથી, વગર ઓળખાણે રહ્યોછું મથી;
હું મારા બાપનો બેટડો, વગર સમજે પડયો છેટડો.
એવો તો મૂરખ કોણ હોય, બાપ સામુ જુવે નહિ કોય;
મળવાનું થાયછે ઘણું એક મન, તેના કાજે કરૂં કોટી જતન.
જતન એક ના આવ્યું કામ, તમો કૃપા કરી ઘાલશો હામ;
મારે એક આશરો ગુરૂ તમતણો, તું બાંધવ છે માનો જણ્યો. ૫૦
સહોદરની તમે લ્યો સંભાળ, બાપ મારાની બતાવો ભાળ;
તમો કૃપા કરી આણો જો મહેર, પિતા મારાના પહોંચું ઘેર.
ઉઠ ઉઠ તું મારા વછ, થાઇ સ્વચ્છને ભીડતું કચ્છ;
તારા બાપને તો છે સદા હાય, પણ તારી મા કરેછે અંતરાય.
તું તો માને વળગી રહ્યો, તે કારણ વિખુટો થયો;
તારે હેડો એનોછે ઘણો, તો કયાંથી અવસર પિતા મળવા તણો. ૫૧
તેનો હેડો જો તું મૂકી દે, તો ઘેર પિતાના સુખેથી રહે;
માતા તારીનો એવો સ્વભાવ, પિતા પુત્રને ન બને બનાવ.
બીજા તારા બાંધવ ઘણા, સંગ કરવામાં ન રાખી મણા;
સંગ કરવાથી છેટા થયા, નજીક આવેલા આઘા ગયા.
માતા તારીનું છે એવું કામ, દેખવા ન દે પીતાનું ધામ;
કહે હવે ત્યારે કરવું કેમ, પિતા કે મા ઉપર છે પ્રેમ. ૫૨
જેવી તારી મરજી હોય, તે પ્રમાણે બતાવું સહોય;
સાંભળજો તમો ગુરૂ મહારાજ, વિચાર કરીને કહું છું આજ;

મા છોડવાથી નથી ચાલતું મન, પિતા તણું કેમ છોડું સદન.
રવી રજની એકઠા રહે બેય, એવો કંઇ એક મારગ છેય;
હા ભાઇ મારગ છે તો ઘણા, પણ તારી ઉંઘાઇની કયાં છે મણા.
મારૂં કહ્યું જો માને તુંય, તો મારગ તુજને બતાવું હુંય. ૫૩
સાંભળને તું તો શિષજ સહી, કર વિચાર ઉંડો મહીં રહી;
તારો પિતા અખંડીતરાય, તારી માની છે ભૌતિક કાય.
ભૌતિકમાં તું ભેળવાઇ ગયો, તેથી આમ ભટકતો થયો;
મૂકી દે એવી જુઠી આશ, ચાલ તારા પિતાની પાસ.
છેટે રહી બતાવું છું હુંય, સાને સમજી લેજે તુંય;
જે ઠેકાણે ફુરણા થાય છે માંય, પિતા તારો રહે છે ત્યાંય. ૫૪
પડી સમજને મેલી દોટ, પુત્ર વળગ્યો પિતાની કોટ;
અંકે અંક ભેટીને મળ્યા, વિયોગ ઘણા દિવસના ટળ્યા.
વળી ગુરૂએ પણ મૂકી દોટ, તે પણ વળગ્યા તેની કોટ;
ત્રણેનું રૂપ એકજ થઇ રહ્યું, તે સુખ મુખથી ન જાયજ કહ્યું.
હારે સહસ્ર ગીરાની વાણ, પંડિત જનતો છાંડે પ્રાણ,
તો અલ્પ જન હું તે શું કહું, અણ સમજ્યો ત્યાં અટકી રહું. ૫૫
એટલા સુધી કહીક પહોંચ્યા ખરા, ન સમજાયું ત્યાંથી રહ્યા છે પરા;
પરા રહ્યા નવ સમજાણો ભેદ, એટલેથી થાકયા ચારે વેદ.
તારે જાણવું પુરણ ખરૂં, શેમાંથી લઉં ને શેમાં ભરૂં;
ભરવાનું જો મનજ થાય, તો અખંડ બ્રહ્મની ખંડણા થાય.
તારે તેને જાણવું કેમ, ફોકટ ફાંફાં અદબદ એમ;
એવું સમજી સુન્યજ રહો, જે જેને ફાવે તેવું કહો. ૫૬

તેને વિશેષણુ ન લાગે વિશેષ, નથી બેને નથી એ એક;
ધંધુકારના જેવું જાણુ, તેનાં કેમ કરી શકું વખાણુ.
કથનારે કથ્યું છે સહી, તેમાં હું કંઇ જાણું નહિ;
મગન જગન ન જાણું ભેદ, નાં જાણું વ્યાકરણ કે વેદ.
નથી પઢયો પીંગળ પુરાણુ, માત્રા મેળ કયાંથી મળે જાણુ;
નથી ભાટ ચારણુ કે કવિ, તેમ નથી કાંઇ એ અનુભવી. ૫૭
જેનું હશે તેને ગાયું હશે, હાંણુ હસારત કોની થશે;
થશે તો તેમાં મારૂં શું જાય, ભલે ન લોકો ખાંડજ ખાય.
હરિ ગુરૂ સંતે કીધી દયા, છપ્પા અઠાવન પુરા થયા;
કુંડળીયા ત્યાં કીધા ચાર, જે જન લેશે તેનો સાર.
આવાગમન ફેરા મેટશે, ભાવ કરી હરિને ભેટશે;
હરિજન કોઇ ન દેશો ખોડ, બોલો જયજય શ્રી રણછોડ. ૫૮

"શિષ્ય ગુરૂ સંવાદ."

રાગ ઉપરનો.

શિ....વળી શિષ્યને સંસય થયો, ગુરૂ પ્રત્યે એક બોલજ કહ્યો;
તમો મુજપર આણો મહેર, તો પૂછયાની રાખું પેર.
તમારે સર્વે બેસે ઘાટ, ને મારે નથી ટળતો ઉચાટ;
તેથી મન ચો દિસે ભમે, જે જોવું તે કાંઇ નવ ગમે.
તમારે સર્વે સુતર પડયું, મારે કાંઇ સોંગુ નવ જડયું;
તો મ્હારે હવે કરવું કેમ, દ્યો ઉત્તર આણીને પ્રેમ.

શુ....સાંભળને તું તો શિષજ સહી, કેમ ગુંચવાઇ રહ્યો મન માંહીં.
કહે સંશય હોય તે તું મને, તો તો તેની યુક્તિ બને;
મારૂં તો કર્તવ્ય છે એહ, કેમ રહેશે ભાઇ તારો સંદેહ;
રવી આગળ રજની જો રહે, તો તુજને થાવા દઉં ભેય.
તું તો મારો પુત્રજ જાણ, તો કેમ રહેશે તારે તાણ;
કહે હવે તો કહેવું છે શુંય, પડે ઉકેલ બતાવું હુંય. ૨
શિ....મારે તો ગુરૂ કહેવું નથી કાંય, સંશય એક ઉંડો મન માંય;
પ્રથમ આપે કહ્યું હતું એમ, તું નથી શો કરે છે વહેમ.
હું નહિ તો જવાનો કયાંય, તે સંશય રહે છે મનમાંય;
તેથી નિત્ય બળ્યા કરે કાય, પડે સમજતો સંશય જાય.
એ વિણ ગુંચવણ રહે છે ઘણી, જીભ્યાએ નવ જાયે ગણી;
માટે મુજપર આણો મેર, પાવો અમ્રતને ટાળો ઝેર. ૩
ગુ....ધન્ય ધન્ય તું મારા મિત્ર, કહાડ સંશયને થાતું પવિત્ર;
એમાં આંટી શેની સાર, સ્થિર મને તું કરી જો વિચાર.
દિપકની જોતી જેમ બળે, તે બુઝાતાં શેમાં ભળે;
પાણીમાં પરપોટો થાય, તે ફુટી પછી શેમાં જાય.
એણીપેરે તારૂં તું જાણ, ઠાલી શી કરી રહ્યો છે તાણ;
હું તો એવું સમજી રહ્યો, ને તુંજને બ્રહ્મ નકામો થયો. ૪
શિ....બ્રહ્મ તો કાંઇ નથી મહારાજ, સમજ્યા વિણ શું કરવું કાજ;
તમને સમજ પડે છે સુધ, મારી કાંઇ નહિ પહોંચે બુદ્ધ.
દિપક તો આકાશમાં ભળ્યો, પરપોટો પાણીમાં મળ્યો;
ત્યાર પછી નવ દિસે કાંય, ને હું તો રહું છું અહીંનો આંય.

તમે તો કહો છો તું તો નથી, હું તો અહીં રહ્યો સર્વથી;
તેથી લાગું સાચો જાણ, જુઠાનું બતાવો પ્રમાણ. ૫

ગુ....મારૂં કહેવું હેવું નથી જાણ, અમથો શી કરી રહ્યો છે તાણ;
ભૌતિકને તું ભાળી રહ્યો, તે કારણ તને જુઠો કહ્યો.
પીંડ માત્રનો થાય છે નાશ, તેમાં તું બાંધી બેઠો આશ;
ભૌતિક નામ જુઠું કહેવાય, કાળે કરીને નાશજ થાય.
તે પિંડ કોઇ રહેવા નથી, એ માટે તેવી કથની કથી;
તેથી તારૂં છે જુદું રૂપ, નિરંજન નિરાકાર સ્વરૂપ. ૬

શિ...સાંભળજ્યો ગુરૂ જ્ઞાન સ્વરૂપ, કહ્યું મારૂં નિરાકાર સ્વરૂપ;
નિરાકાર સહાકાર થઇ રહ્યો, તેથી મુજને સંશય થયો.
તે તો આંટી વસમી ઘણી, વાંઝણી નારીએ પુત્રી જણી;
એ વાતનો નવ મળે મેળ, વેળુ વાટે નવ નિકળે તેલ.
ગધાની જો ગાયજ થાય, દિવસને રજની ગળી જાય;
એના જેવું અચરજ એહ, કરો કૃપાતો ટળે સંદેહ. ૭

ગુ....નથી ભાઇ એમાં અચરજ કશું, નિદ્રામાં જેમ સ્વપ્ન વસ્યું;
તેમાં દેખ્યા દેવ દાનવી, નાગ કિન્નર યક્ષ માનવી.
ભુત પ્રેતાદિક ભાળ્યા બહુ, ઝાડ પહાડ સમુદ્ર આદિક સહુ;
સુર્ય ચંદ્ર ત્યાં ફરે આકાશ, નવસે નવાણું નદી છે પાસ.
થાય વાયરો વીજળી ત્યાં ખરી, મેઘ બહાર રહ્યા તરવરી;
ત્યાંનું તેતો કરે છે રાજ, ચાકર નફર સરવે સાજ. ૮
રાણી સાથે રંગે રમે, ભોજન ભેગો બેસીતે જમે;
વળી કેટલાક થયા છે પુત્ર, સારૂં ચાલે છે ઘરસુત્ર.

ધન તણો ત્યાં ન મળે પાર, આવી મળે સઘળો સંસાર;
દેશ વિદેશે કિર્તી ઘણી, અમુલ્ય તો છે ઘરમાં મણી.
આખી અવનીમાં આણુજ ફરે, એક ચક્રવે પોતે રાજ્ય કરે;
માણુક મોતી મહેલે મઢયા, કહે કયા બ્રહ્માએ ઘડયા. ૯
શિ....એમાં તો ગુરૂ બ્રહ્મા નહિ કોય, સહેજે સેજ દેખાય છે સોય;
પુરૂષને જ્યારે ભ્રાન્તિ થાય, સ્વપ્ના માંહે તેવું જણાય.
ગુ....તો તેના જેવું જાણજે આય, બીજે કરવા જવો નથી ન્યાય;
જ્યારે મનને સ્ફુરણા થઇ, એટલે સૃષ્ટી:સર્વે જણાઈ.
બાકી બીજું આવ્યું નથી કાંય, તારો વિલાસ રમતો તુજ માંય;
તુજને જ્યારે નિંદ્રા થાય, ત્યાર પછી કશું નહિ જણાય. ૧૦
શિ...તે તો સમજ પડી ગુરૂરાય, ત્યારે બ્રહ્મા નામ કોનું ગણાય;
સર્વે કહે છે તે તો ખરા, આપ તેને કરો ઉફરા.
ગુ....નથી ભાઈ હું કહેતો એમ, તારે બ્રહ્મા ઉપર બહુ પ્રેમ;
તે બ્રહ્મા તું મનને જાણ, મુકી દે બાકી બીજી તાણ.
તો તો તારે બેસશે ઘાટ, ગયો સંશયને મટયો ઉચાટ;
બીજો કરતા કોઇએ નથી, તારો કરતા તું સર્વથી. ૧૧
શિ....એ વાતમાં તો આંટી વિશેક, એમ તો કરતા થયા અનેક;
તે વાત કેમ આવશે કામ, પછી કોણ લેશે પ્રભુનું નામ.
તે વાતનો સંશય જાય, તો તો કાયા શિતળ થાય;
ગુ....તેમાં સંશય શો છે વીર, સાંભળ ધ્યાન રાખીને ધીર.
તુજને જ્યારે સ્વપ્નું થાય, સ્વપ્ને સૃષ્ટી નજરે જણાય;
તેમાં ભાળ્યા લાખો જન, જુદા જુદા ધારી રહ્યા તન. ૧૨

વાતો ચીતો સર્વે કરે, એક એકને આવીને મળે;
કહે ભાઇ બીજો આવ્યો કોઈ, શું રહ્યો છે સામું જોઇ.
શિ....સામું જોઇ રહ્યો નથી મહારાજ, તે સર્વે હતાં મારાં સાજ;
મારા થકી દેખાય છે એહ, એમાં શો ધરવો સંદેહ.
ગુ.....એની પેરે શિષ આને જાણ, તો તારે નહિ આવે હાણ;
એમાં ને એમાં ફેરજ નથી, ઝાઝું શું મૂખથી કહું કથી. ૧૩
જે છે તે તુંનો તુયજ થાય, ભ્રાન્તિ કર્યાથી જુદો જણાય;
બાકી બીજો નથી આવ્યો કોઇ, તો પ્રભુને રહેશે કોણજ મોહી.
જુદું જાણે તો ભક્તિ ખરી, નહિ જાણે તો થશે ઉફરી;
શિ....ઉફરી ભક્તિ જો કરૂં મહારાજ, તો તો બગડે સર્વે કાજ.
કોઇ જન શરીરે દુઃખીજ હોય, તો તેના સામું કોઇ ન જોય;
ગુ.....અરે ભાઈ :કેમ વાંકો જાય, એતો અન્યાય અવળો થાય. ૧૪
પ્રથમ કહ્યું તે બીજો નથી કોઇ, તો તેને કેમ કહે છે જાણી જોઇ;
માટે ભક્તિ કરવી ખરી, નથી પરહરવી કે મૂકવી પરી.
એક તરૂનાં છે સર્વે ડાળ, તેવું તારી નજરે ભાળ;
તેમાં શો કરવો વિવેક, નવાણ જુદાં પણ નિરતો એક.
નિર નિર લાગે જુદા સ્વાદ, તેમાં તો શો કરવો વાદ;
સ્વાદને શું જુદા તું કહે, તેમાં તુંનો તુંયજ રહે. ૧૫
કહે હવે સંશય રહ્યો છે કાંય, તો બતાવું આંય ને આંય;
શિ....સંશયની સામી નથી રહી જાગ, પણ એક વાતની ઉઠે આગ.
તમે તો સ્વપ્નાની પેરે કહ્યું, પણ કાર્ય કારણ દેખાઇ રહ્યું;
તે વાતનો પ્રભુ ટાળો વહેમ, તો તો થાવું કુશળ ક્ષેમ.

શુ....એમાં; સંસય શો કર વીર, સાંભળ ધારણુ રાખી ધીર;
કુંભ'રનો જ્યાં ચાકજ ફરે, તે સામું જો ચિત્તજ ધરે. ૧૬
તો તો તારો સંશય જાય, કાંઇ કલેશ નહિ વાયે કાય;
કુંભારને જ્યાં સ્ફુરણા થઈ, એટલે ચાકને બાઝે જઇ.
મન માંહી તે વિચારજ કરે, લેઈ પીંડને ઉપરજ ધરે;
પછીથી કરમાં દંડજ લઇ, ફેર ચઢાવે બહુ ચીત દેઇ.
નાના મોટા સર્વે નાટ, જાત જાતના ઉતારે ઘાટ;
કોડીયાં કુલડી કુંડાં છેક, ગોળા ગોળી એમ જુદા વિવેક. ૧૭
તે ઘાટ કહે કયાંથી થયા, અને સર્વે તે તેના મનમાં રહ્યા;
તેમજ તારે જાણવું સહી, બીજો કરનારો કોઇઅજ નહિ.
જે દેખે તે મનનું કર્યું થાય, તો બીજે કોણ બાઝવા જાય;
તારે ખોળવાની થાય છે ખાંત, તેથી નથી રહેતું એકાંત.
ખોળવાનું જો મૂકી દે, તો તો સર્વે મટી જાય ભે;
કહે હવે કંઈ કેમ બોલતો નથી, મનમાં શું રહ્યા છે મથી. ૧૮
શિ...મનમાં કંઈ ધરતો નથી કાજ, પણ કહેતાં વાત આવે છે લાજ;
સર્વે સાહીત મનમાં ભર્યાં, તો વૃક્ષને બીજશું કરવા કર્યાં.
વગર બીજે કાંય નિપજે વસ્ત, સ્વામી બતાવો થઇને સ્વસ્થ;
શુ....ગુરૂ કહે તું સાંભળ શીષ, મનમાં કાંઇ નવ ધરતો રીશ.
વગર બીજે એક વસ્તજ થાય, જેનું નામ અમરવેલ કહેવાય;
પીળા રંગે હોય છે જાણુ, તેનું તું જોજે એધાણ. ૧૯
ઝાડ ઉપર રહે છે જેહ, દોરા જેવો હોય તેનો દેહ;
તો તારી શંકા શું આવે કામ, કેમ ફરે છે આમથી આમ.

શિ...એમ તો હું કંઇ ફરતો નથી, પણ એક સંશય રહ્યો છે સર્વથી;
મનનું ધાર્યું જો થા તું હોય, તો ભીખારી રહે નહિ કોય.
એ સંશય મોટો મહારાજ, ભાગી જાય તો સુધરે કાજ;
ગુ...સાંભળને તું તો મારા મિત્ર, તે તો છે માયાનાં ચિત્ર. ૨૦
ચિતારો જો ચિતમાં ધરે, ભીંત ઉપર ચીતરામણ કરે;
તેમાં ચીતરે રાજાને રાંક, દુબળા તાજા આડે આંક.
નારી ચીતરે સુંદર ખરી, કોઇ શંખણીને કોઇ તે પરી;
ચીતરે વનસ્પતિ ભાર અઢાર, વળી મેઘ ત્યાં વરસે બાર.
ઝાડ પહાડ આદિક તે બહુ, કેટલું એક મ્હોડેથી કહું;
જુજવા જુજવા દેખાય નાટ, તે તો ચીતારાના ઘાટ. ૨૧
તેમાં તો કોણ રાજા થયો, બીજો કોણ ભીખારી રહ્યો;
રંગ દીધા શું આવે કામ, સર્વે રહે છે આમનું આમ.
ભ્રાન્તિ એ કરી એમ જણાય, નથી ભીખારી નથી કોઈ રાય;
કહે ભાઇ હવે તારે છે કેમ, શું કાંઇ થોડો રહે છે વહેમ.
વહેમ હોય તો વાણી કરો, નહિ તો સર્વે વાત પરહરો;
શિ...શંકા સર્વે મારી ટળી ગઈ, બીજી વાત એક ઉભી થઇ. ૨૨
મને કહ્યો તમે નિરાકારરૂપ, ચૌદ કોટી બ્રહ્માંડનો ભૂપ;
તે વાતનું તો નથી કાંઇ દુઃખ, સામી કોને લાગે છે ભુખ.
નિરાકાર શું ખાતો હશે, દયો ઉત્તર તો સંસય જશે;
ગુ...ના ભાઇ કોઇ ખાતું નથી જાણ, અમથો શું કરી રહ્યો છે તાણ.
પ્રથમ કહ્યું કે સ્વપ્નું થાય, તેમાં કોઈ નવ આવે જાય;
ભ્રાન્તિ કરીને ભાસું તેમ, આમાં તું સમજી લે એમ. ૨૩

એમ સમજે તો સંશય જશે, ને ખાનારો તે ખોટો થશે;
વળી હોય કાંઇ બીજી ભ્રાન્ત, તો આપણ છીએ એકાંત.
કહેવું હોય તે સુખેથી કહે, મારો જરા ન રાખીશ ભેય;
તું તો મુજને વહાલો ઘણો, તો આંતરો ક્યાં રહે આપણો.
વહાલામાં તે શો વિવેક, હું તું બે જણ છીએ એક;
હું તો ધર્મજ એવો ધરૂં, તારી ભ્રાન્તિ દુરજ કરૂં. ૨૪
શિ....ભ્રાન્તિ તો નથી મહારાજ, પણ એક વાત સાંભળી આવી આજ;
આ સૃષ્ટીમાં માણસ સૌ, રંક રાજા થઇ ગયા બહુ.
વળી થયા ચોવીસ અવતાર, જે આવ્યા ભુ હરવા ભાર;
બીજા સર્વે જીવમાં ખપ્યા, ચોવીસને સર્વે એ જપ્યા.
તેનું તે કારણ શું હોય, થાય ઉત્તર તો ટળી જાય મોહ;
નહિ તો ગુંચવણ રહેશે ઘણી, જે હતી તે તમ આગળ ભણી. ૨૫
ગુ....સાંભળને શિષ કહું છું હુંય, તેમાં સંશય કરે તું શુંય;
તેમાં નાનું મોટું નથી કોય, સરવે આત્મા સરખા હોયસ.
અજાણપણું તેનું નામ જીવ, જાણપણું તેનું નામ શીવ;
તે ચોવીસ તે જાણુતા હતા, તેથી જગત્માં થઇ ગયા સતા.
બીજે તેટલું જાણ્યું નહિ, તેથી નાના ગણાંણા સહી;
તે ઉપર દ્રષ્ટાંતજ એક, સાંભળ જે તું ધરી વિવેક. ૨૬
દિન આથમ્યા પછી રાત્રી થાય, એટલે અજવાળું અલપાય;
તે વખતે પછી કીધો દીપ, એટલે અજવાળું થયું સમીપ;
ચંદ્ર આવી આકાશે રહ્યો, એટલે દીપક ઝાંખો થયો.
વહાણું વાયુને ઉગ્યો સુર, ઘટયું ચંદ્ર કેરૂં ત્યાં નૂર;

સર્વે તેજતો એકજ હતાં, ગજા પ્રમાણે તેઓ ગાજતાં.
એ સમજણમાં રહ્યો છે ફેર, ચાલીસ રૂપીઆ ભાર એકજ શેર. ૨૭
કહે ભાઇ તારે કરવું કેમ, વળી કાંઇ જાણ્યાનો છે પ્રેમ;
સંશય હશે ને છાનો તું રહીશ, તો તો ખતા ઘણેરા ખઇશ.
મારી તારા ઉપર છે મહેર, ગંગા ચાલી આવી તુજ ઘેર;
આળસ મુકી ઉભો તું થા, ખોબા ભરી ખંતેથી નહા.
તેથી તું થઇશ પવિત્ર, મરવું જન્મવું મટશે મિત્ર;
શિ....હવે ગુરૂ આવ્યો મુજ લાગ, પ્રથમ ટકવા નવ દીધો પાગ. ૨૮
તમે મને નિરગુણજ કહ્યો, તો મરવું જન્મવું કોને કહો;
એમાં નહિ આવે તમારો ફાવ, આ ફેરા છે મારો દાવ.
ગુ....તેમાં શંકા કરે તું શુંય, થા સન્મુખ ઉત્તર દઉં હુંય;
જયારે તુજને સ્વપ્નું થાય, તે વેળા તું તો મરી જાય.
સગાં સંબંધી રૂએ સહુ, બહાર દીકરો ને ઘરમાં વહુ;
દોરડે વીંટે તારી કાય, ઉપાડી મસાણે લેઇ જાય. ૨૯
કાષ્ટ લાવીને ચીતા કરે, તારૂં સબ તે ઉપર ધરે;
પુત્ર લાવીને મૂકે આગ, ભડ ભડ બળે છે તારા પાગ.
એવું દેખીને તું તો રૂએ, જાગી જુએ તો સંસય ખુએ;
તે માટે કહ્યું હતું આજ, તુજને જોતા વણ કરે કાજ.
તેજ મરવા જેવું જન્મવું જાણ, એટલે મટશે સર્વે તાણ;
નહિ તો ભવમાં ભટકે ઘણું, કયાંથી દેખે ઘર આપણું. ૩૦
કહે બીજું કહેવું હોય જેહ, રાખીશ નહિ મનમાં સંદેહ;
તમારૂં કહેવું માનું છું હું, તે માટે હું તમને કહું;
આવડી મોટી પૃથ્વી સહી, તે મનમાં કયાં સમાઈ રહી.

તે તો સંશય ઘણા એક થાય, સમજાવો તો ભાવટ જાય;
ગુ....વારે વારે હું કહું તે શુંય, તારે તો એનું એ મુંય. ૩૧
નિદ્રામાં તુજને સ્વપ્નું થાય, સર્વે પૃથ્વી નજરે જણાય.
કહે ભાઇ તે તો ક્યાં હતી, વગર ઉપજાવી થઈ તે સતી;
તેમ તારા મનમાં સર્વે રહ્યું, નથી બીજું કોઇ આવ્યું ગયું.
બીજું હોય તો બતાવી કહે, નહિ તો સાને સમજી રહે;
શિ....કહેવા જેવું રહ્યું નથી કાંય, પણ એક સંશય થયો મનમાંય.
કહેવા પ્રમાણે તો કાંઇએ નથી, ગુરૂ શિષ્ય શેના થયા સર્વેથી. ૩૨
સ્વામી તેમાં નવ કરશો ક્રોધ, ક્યાંથી ફળ્યો તમારો બોધ;
બીજું તો સર્વે જુઠું જાણ, પણ તે તો સાચું છે નિરવાણ.
તે વાતનો કરો ઉકેલ, તો જાય મારા મનનો મેલ;
ગુ....એમાં મેલ શેનો છે ભાઇ, ક્યાં સુધી રાખે ઉંધાઈ.
મનમાં જ્યારે ભ્રાન્તિ થાય, એટલે ગુરૂ શોધવાને જાય;
ગુરૂ બતાવે તેને ગમ, એટલે ટળી જાય સર્વે ભ્રમ. ૩૩
ભ્રમ જતાં પછી કહે શું રહે, તે પણ સ્વપ્નાની પહેરે લહે.
એટલે સરસે સર્વે કાજ, આપોઆપ ભોગવ્યા કરે રાજ.
બળત્રા તારી બાધી જશે, કાયા ટહાડી શીતળ થશે;
આપોઆપ તું મન સ્વરૂપ, તું ભીખારીને તું છે ભૂપ.
તું પૃથ્વીને તું છે આકાશ, તું માખણને તું છે છાશ;
તું પંડ છે કપરો કામ, તું કૃષ્ણને તું તો છે રામ. ૩૪
ઝાડ પહાડ અવની આકાશ, તે સર્વેમાં તારો વાસ;
કડવો ખાટો મીઠો તુંય, ઝાઝું મુખથી શું કહું હુંય.
તું છે શિવને તું છે જીવ, એમ ચાલ્યું જાય સહિવ;

તારા મનમાં જેવો ભાવ, તેવો તું નિત્ય લે છે લાવ,
તારા વિના ઠાલો નહિ ઠામ, સર્વે છે ભાઈ તારાં કામ;
હવે કસર કંઇ હોય તો કહે, ખાલી શો કરતો હતો ભેય. ૩૫

શિ....ભે તો સર્વે ભાગ્યો સહી, હવે કહેવા જેવું રહ્યું નથી કંઇ;
કર નહિ તો સહાવું શને, મૂખ નહિ તો બોલવું કેમ બને.
કાન નહિ તો સાંભળે કોણ, અચરજ સરખું ભાળ્યું એણ;
નાક નહિ તો ગંધ કોણ લહે, જાણે નહિ તે કહો શું કહે
નહિ પગતો પૃથ્વી કશી, દાંત નહિ તો ઘસું કયાં મશી;
મ્હોંડું નહિ તે શેમાં ખાય, આકાશ નહિ કયાં વાયરો વાય. ૩૬
મળ નહિ તો ગુદાનું શું કામ, મુગો મ્હોડે લે કોનું નામ;
વાંઝણીને પુત્ર કયાંથી થાય, વસ્તુ નહિ શું ખાશે લ્હાય.
પાણી નહિ પાતાળ કોણ કહેય, નાગ લોકતો કોણ માને ભેય;
રાજા નહિ તો પ્રજા કશી, થયો રાજા તો પ્રજા વશી.
નથી સાચું નથી કાંઇ જુઠ, તો ઠાલી શી કરવી માથાકુટ;
સંશય હતો તે સર્વે સર્યો, જેમ પરપોટો પાણીમાં ભર્યો. ૩૭

શુ.....વળી વિશેષ જણાવવા કાજ, બોલ્યા ત્યાં તો ગુરૂ મહારાજ;
કાચો બોધ નવ આવે કામ, શિશ ફરી તું બેસને આમ.
પારો મારવામાં કાચો જો રહેય, તો મરવાનો ઉપજે ભેય;
તારો ભય ટાળવાને કાજ, ફરી કહેવા ધારૂં છું આજ.
માટે અંતરનો પડદો ખોલ, હોય સંશય તો તો તું બોલ;
તો તો થાશે ભાઇ તારૂં કામ, નહિ તો રહેવાનો આમનોઆમ.૩૮
એટલા માટે ભાઇ કહું છું હુંય, વિચાર કરી જો જે મન તુંય;

શિ....વિચારીને કહું છું આજ, સાંભળજો તમે ગુરૂ મહારાજ.
તમ પ્રતાપે મેં જાણ્યું સર્વ, નથી કરતો મનમાં કંઇ ગર્વ;
તમારી મુજપર ઝાઝી મહેર, તેથી પૂછ્યાની રાખું પહેર.
આપ કહો છો તુંજ વડે એહ, તેથી મુજને રહે છે સંદેહ;
સઘળું તે જો મ્હારૂં હોય, તો મુજ સામું લડે નહિ કોય. ૩૯
એક એક સામાં કરી રહ્યા વાદ, મન માંહી રાખે બહુ ખાદ;
એકનુંજ થાપ્યું બીજો હણે, કોઈ કોઇને મનમાં નવગણે.
તેનું કારણ તે ગુરૂ શું હશે, કરો ખુલાસો સંશય જશે;
ગુ....ધન્ય ધન્ય શિષ તારી બુધ, હૃદય તારૂં થયું હવે શુદ્ધ
તેથી તારે હવે બેસશે ઘાટ, જરા રહ્યો નથી મનમાં કાટ;
જંગલમાં એક મહેલજ કર્યો, સર્વે સાજ માંહી લાવી ભર્યો. ૪૦
ચિત્ર વિચીત્ર ચીતર્યા રંગ, ભારે કિમતી જડીયાં નંગ;
હાંડી તકતાને ગલાસ, કાચ ઢાળ્યો છે ચારે પાસ.
તે જોવા એક શ્વાનજ ગયો, દેખી પડછાયો બ્રહ્મજ થયો;
તેને ભસવા માંડયો બહુ, હું શું તારી આગળ કહું.
રહી રહીને મૂકે છે દોટ, ધસી ધસીને વળગે કોટ;
ભસ્યા તણો નવ મૂકયો પાર, એક એકને મારે છે માર. ૪૧
અહીંયાં તે કોણ બીજો હતો, તેનાથી તે થયો તો છતો;
તેવી રીતે લઢે છે સૌ જાણ, ખાલી શ કરે છે ગુચવાણ.
પોતે પોતાના કરડે પાય, એનો શો કરવો ઉપાય;
સમજુ તેવું તો નવ કરે, અણુસમજુ એમ ભસતો ફરે.
કહે ભાઈ સંશય રહ્યો છે કાંઇ, રહ્યો હોય તો બોલીજા આંય;

શિ....સંશય એમાં રહ્યો નહિ કાંઇ, પણ બીજી શંકા થઇ આવી આંય.૪૨
તે સર્વે તો થયું મારૂં રૂપ, તો થઇ રહેતું નથી કેમ ચુપ;
તેવું થવાનો મારગ જો હોય, તો બતાવો કહીને મોય.
ગુ....તેનો પણ મારગ છે વીર, ચાલતું નદી કેરે તીર;
તે જોવાથી ભ્રાન્તિ સૌ જશે, ને જુદું છે તે એકજ થશે.
સ્થિર પાણીમાં જોજે તુજ મૂખ, એટલે તારી ભાગશે ભૂખ;
તારૂં જે પ્રતિબિંબ કહેવાય, તે તો તારી નજરે જણાય. ૪૩
તારામાં ને એમાં ફેરજ શુંય, જે હોય તે કહી દે તું મુંય;
તારા થકી તો એતો થયો, ને તું ગયો તો એ નવ રહ્યો.
ઓત પોત એક એકનું રૂપ, ભ્રાન્તિ એ લાગે જુજવાં સ્વરૂપ.
તે કારણ સૌકોએ લડે, પડે ઉકેલ તો કોઈ નવ વઢે;
જેને સમજણ હોયજ શુદ્ધ, તેની પહોંચે તેવી બુદ્ધ.
વહેતા પાણીમાં જોવા જો રહે, તો તો ત્યાંથી કાંઇ નવ લહે. ૪૪
એમ જો વહેતું રાખીશ મન, હું ખરો ને બીજાં તે અન્ય;
તેથી તું તેમની સાથે લઢે, ને સામો ભેરૂ થઇને અડે.
જુદાં તેમને જો જાણે નહિ, તો તો લઢે વઢે નહિ કાંઇ;
પડછાયો છે પોતા તણો, ન જાણવાથી લઢયો તું ઘણો.
કહે ભાઇ એમાં કોનો વાંક, ઘરમાં વઢયો તું આડો આંક;
માદકની ચઢે સૌને લ્હેર, તેથી કરી રહ્યાં સૌ કેર. ૪૫
તે કેફ જો ઉતરી જાય, તો કોઇ કોઇના સામું નવ થાય;
પૂર્વે કહી ગયા જે શ્વાન, તેવા જેવાને લઢવાનું ભાન.
સંશય હોય તો કાઢો બહાર, તો તો તેનો આવે પાર;

શિ....તમ પરતાપે પાકો હું થયો, સંશય શેનો હોય તે કહો.
પણ તમારા જેવા ગુરૂ છે પાસ, તો પૂછવાની કેમ રાખું કચાશ;
તમારૂં હોય તે ખાલી કરૂં, લેઇ લેઇને મારામાં ભરૂં.
તમારે કંઇ નહિ આવે ખોટ, મારે ધનનો થઈ જાય કોટ;
એક વાત હૃદયમાં ધરૂં, સ્વર્ગ નર્ક ખોટું કે ખરૂં.
ગુ.....નર્કની તું કહે છે વાત, તે તો નથી ભાઇ સાક્ષાત;
આતો પ્રભુનું છે ધામ, ત્યાં કોણ કહેનાર ભોનું નામ.
બારવટીઆ છે બીજા ખરા, નકામા ભો તે ઉભા કર્યા;
તેમને રળી ખાવાને કાજ, લુટવા માંડી લોકોની લાજ. ૪૭
ખરા રસ્તા સૌ કીધા બંધ, ઉંધો ઝાલી બેઠા તે ધંધ;
લોકોને તે:લુટી લે, હા ના તેમને કોણજ કહે.
તે બારવટીયા બીજા નહિ, જાણી લે જે તારા મન માંહી;
ગુરૂ થઇ બેઠા છે ઘણા, વાંદરે ફોલી ખાધા જેમ ચણા.
તેની પેર ફોલી ખાય તેહ, જરાએ તેમાં નહિ સંદેહ;
જ્ઞાની ગુરૂ કોઇનો નવ થાય, જો રાજા આવી લાગે પાય. ૪૮
તેને તે ગરજ એવડી શી પડી, તે નીત્ય લોકોના ઘેર કાઢે હડી;
ફલાણા તારે દુઃખ છે શુંય, લાવ્ય ભાગી આપું તને હુંય.
દુઃખ ભાગ્યાનું કયાં છે કામ, જ્યાં ત્યાં લુટી ખાવા છે દામ;

"મને આ વખતે એક વિદ્વાનનો લેખ સાંભળી આવવાથી લખવામાં આવ્યો છે તે નીચે પ્રમાણે.

છપ્પો.

"વગર મહેનતે ખાય પારકા માગી મેવા.
વગર મહેનતે ખાય હરાયા ઢોરાં જેવા;
જીવે પારકું ખાઇ દિલનો ડોળ વધારે.
દિલમાં દાનત બુરી હાથમાં માળા ધારે;
એ માલ પારકો ખાઇને. નિજ મનમાં હરખાયછે;
દુનિયાં મૂર્ખ બની એ મને. મલીદો આપે જાય છે."

સાચો ગુરૂ એવું નવ કરે, સતી હોય તે સ્વામિ ભેગી બળે.
તેમ સાચા ગુરૂ શિષનો કર સહાય, ન વાવા દે ઉનો વાય;
ઉનો વા કોઇને જો વાય, તો જાણજો તે ગુરૂ ફોલી ખાય. ૪૯
તેવાઓએ નર્ક ઉભાં કર્યાં, નજરે ભાળ્યાં કે સાંભળ્યાં;
જેવું હોય તેવું બોલી જા, હોય સંશય તો ખાલી થા.
શિ...નજરે તો ભાળ્યું નથી લેશ, વગર જોયે કરૂં છું કલેશ;
હવે સમજ પડી મહારાજ, ને ભાગી મારા મનની દાઝ.
પણ એક વાતની આંટી ઘણી, પૂછું ખુશી જો હોય તમતણી;
પ્રથમ મેં પૂછયું હતું એમ, મનમાંથી જગત્ થાય છે કેમ. ૫૦
ત્યારે આપે સ્વપ્ના પેરે કહ્યું, તમે કહ્યું તેમ મેં તે લહ્યું;
પણ પ્રતક્ષ દાખલો આપો કાંય, તો તો સંશય સમાય મન માંય.
ગુ....સાંભળ શિષ હવે ન જાય રહ્યું, વારે વારે શું તુજને કહું;
પણ તેંતો મુજને પ્રસન્ન કર્યો, તો તારો સંદેહ રહેશે કાંઇ ખરો.

એમતો મારી લાલજ જાય, શ્રીમંતની ગાય શું કુશકા ખાય;
કુશકા ખાવા તે કેમ દઉં, થા બેઠોને ઉત્તર દઉં. ૫૧
વડનું ઝાડ બતાવું હુંય, તે સામી દ્રષ્ટી કર તુંય;
તેને રાતા ટેટા બહુ થાય, જનાવર આવી ફોલી ખાય.
તેમાં ઝીંણા દાણા હોય બહુ, વડનું બીજ કહે છે સહુ;
તે વાવવાથી ફરી વડ થાય, એક ગાઉ સુધીમાં પથરાય.
તેને વળી ટેટા થાય ઘણા, ને ઝીંણાં બીજની નવ રહે મણા;
તેમાં તે કેટલા વડ હોય, ગણી શકે તો કહી દે મોય. ૫
તેતો સર્વે બીજમાં ભર્યું, તેમ તારા મનમાં રહે છે ધર્યું;
હવે કંઇ બીજું હોય તો કહાડ, શી આવવાની આપણે ધાડ.

શિ....ધાડ તે આપણે શાની હોય, પણ એક વાતપર થયો છે મોહ;
તમો કહો છો કે કોઈ નવ આવે જાય, ને સ્વપ્ના પેરે સર્વે દેખાય.
ત્યારે મરે અવતરે છે તે કોણ, તે સાંભરી આવ્યું છે ઓણ;
મહેર કરી મટાડો ગુરૂ દુઃખ, એટલે ભાગે સર્વે ભૂખ. ૫૩

ગુ.....ભુખ કાઢી નાંખને તું વીર, ચાલ્ય તું તળાવ કેરે તીર;
એટલે તારો સંશય જશે, અમી તણા ઓડકારજ હશે.
ત્યાં આગળ તો વાયરો વાય, પાણી માંહે લ્હેરો બહુ થાય;
તેને આવતી જાતી દેખે છે તુંય, વગર ગયે કેમ કરી કહુ હુંય.
હું તો જાણું છું ઠામની ઠામ, તું કહે આવે આમની આમ;
તેમાં સાચો હું કે તું જાણ, હવે કેમ થઇ બેઠો અજાણ. ૫૪
એણી પેરે લોક આવે ને જાય, વગર ભ્રાન્તિએ કંઇ નહિ જણાય;
ભ્રાન્તિવાળો ભટકે ઘણું, જેને રહ્યું છે આપાપણું.

તે ગયું તો તે પણ જશે, કાષ્ટ નહિ ત્યાં અગ્નિ કયાં થશે;
સમજી રહેવા જેવો છે સાર, ફરી નહિ તું નકળીશ બહાર.
તેવું સમજી શિષ તો સર્યો, પાણી ભેગો જેમ કરો જઇ ભર્યો;
એ બેનું થઇ ગયું એક રૂપ, ગુરૂ શિષ બે થઇ ગયા ચુપ. ૫૫
શિ....વળી શિષ્ય તે જાગ્યો સહી, ગુરૂ પ્રત્યે એક વાંણી કહી;
મહારાજ મુજપર કરૂણા કરો, હું શિષ્ય છું તમારો ખરો.
પહેલી મુજને ન પડી ગમ, હવે ભાગ્યો છે સર્વે ભ્રમ;
અંધારૂં હતું તે ઉડી ગયું, અજવાળું સદોદિત થયું.
ભ્રાન્તીના તો ભૂકા થયા, મનના સંશય સર્વે ગયા;
કાયામાંથી ગયો કલેશ, ફળ્યો છે તમારો ઉપદેશ. ૫૬
પણ એક વાત ખટકે મનમાંય, એકવીસ કોટી બ્રહ્માંડ છે કયાંય;
તેને હું કેમ દેખતો નથી, ને શાસ્ત્ર સર્વે કહે છે કથી.
તે કહી બતાવો કરીને જુક્ત, તો તો હું થઇ રહું મુક્ત;
ગુ.....સાંભળી સુત કલ્યાણજ થજો, શિષ્ય પણ તારા જેવા હજો.
મુજને કહેવાની થાય છે હુંશ, તારે ગમે તેતો તું પૂછ;
ચાલ બાગમાં મારી સાથ, ઝાલી લે તું જમણો હાથ. ૫૭
જો પેલું ઉમરાનું ઝાડ, પાસે જઇને આંખ ઉઘાડ;
તેપર ફળ કેટલાં છે સહી, દે ઉત્તર ઉભો હું અહીં.
શિ....સાંભળો ગુરૂ પારસમણી, ફળની સંખ્યા નવ જાય ગણી;
ડાળે પાંદડે વળગ્યાં અનેક, થડે તો હદ વાળી છે છેક.
જ્યાં જોઉં ત્યાં ઉમરાં સહી, તલપુર જગ્યો તે વીણ નહી;
કેટલાંક કાચાં રહે મહીં દૂધ, કેટલાંક પાકાં છે અદ્ભૂત. ૫૮

તેમાં સમજ્યા જેવું હોય જેહ, કહી બતાવો જાય સંદેહ;
શુ.....તેમાંથી પાકું ફળ લાવ્ય, તે લઇ મારી પાસે આવ્ય.
એટલે કહાડું તારો વહેમ, કાયા થઈ જાય ટાઢી હેમ;
શિષ્ય સપાટે ચાલ્યો ત્યાંય, લાવી મુક્યું ગુરૂ કરમાંય.
ગંભીર વાણીએ બોલ્યા ગુરૂ, જો ફોલી પછી ઉત્તર કરૂં;
શિષ્ય તે જેવો ફોલવા જાય, ત્યાં તો એક અચંબો થાય. ૫૯
ઝીણા ઝીણા ઝાઝા જીવ, કરી રહ્યા માંહે શીવ શીવ;
તેવી રીતે ફોડયાં ફળ ઘણાં, શું વર્ણન કરૂં તે તણાં.
શિ....બોલ્યો શિષ્ય ગુરૂ કેરી સાથ, અનેક જીવ ભર્યા માંહે નાથ;
ફળની સંખ્યા કોઇએ નવ થાય, તો જીવ કેવી રીતે ગણ્યા જાય.
શુ.....ભાઇ એવી રીતે બ્રહ્માંડો ખરાં, એક એકનાથી છે તે પરાં;
એકની વાત બીજો નવ લહે, ભાળે નહી તો કયાં થકી કહે. ૬૦
જીવ જીવ પ્રત્યે સૃષ્ટિ ઘણી, શેષ નાગ પણ નવ શકે ગણી;
તે જોવાનું તારે શું કામ, ગયો ઠેકાણે ત્યાંથી આવ્યો આમ.
જોવા જાય તો નહી આવે પાર, જાણ્ય તેને પણ સ્વપ્નું સાર;
એટલે સર્વાંગે સુખીઓ થઇશ, જોવા જઇશ તો જુદો રહીશ.
વારે વારે કહેવું તને શુંય, હોય ગુંચવણ તો બોલી જા મુંય;
મારે કરવું ભાઈ તારૂં કાજ, આપો આપ બતાવું તુજ આપ. ૬૧
શિ....સ્વામી સંશય હતો ત ગયો, પણ બીજો સંશય ઉભો થયો;
સ્વપ્ના પેરે સર્વે તમે કહ્યું, જેમ કહ્યું તેમ મેં તો લહ્યું.
ત્યારે સર્વે તો જૂઠું કહેવાય, કહો સ્વપ્નું પ્રભુ કોને થાય;
તે જોનારો તે કોણ હશે, છે ખરો કે ખોટો થશે.

ગુ.....સાંભળ સપુત તું મારા શિષ્ય, એજ પોતે કહીએ જગદીશ;
એમાં શક્તિ છે અપરંપાર, ઘટ ભીતરમાં રહ્યો તે બહાર. ૬૨
અણુમાત્ર ઠાલો નહી ઠામ, જે જણાય તે તેનાં કામ;
સૂર્ય ચંદ્ર રૂપે તે થઇ રહ્યો, અગ્નિ વાયુ પણ તેને કહ્યો.
વરસાદને વીજળી પણ તેહ, કીટ પતંગ બ્રહ્મા લગી દેહ;
માનવ દાનવ ને વળી દેવ, પોતે પોતાની કરતો શેવ.
જેટલા રસ પૃથ્વીમાં કહેવાય, તે પણ તે સત્તાથી થાય;
જડમાં જડરૂપે કરે વાસ, ચૈતનમાં ચૈતન પ્રકાશ. ૬૩
ભારેમાં ભારે છે તેહ, ને હળવામાં હળવો પણ એહ;
મોટામાં ગણવો તે શિવ, નાનામાં ગણી લેવો જીવ.
નાને કાર્ય મોટું નવ થાય, મહોટાનો મહિમા વખણાય;
વસ્તુ એક પણ ગુંણ છે બહુ, તે સાને સમજી લેજે સહુ.
જેમાં જેટલી સત્તા હોય, તેટલું ત કરી શકે સ્હોય;
પાણીનું કામ પૃથ્વીએ ન થાય, પૃથ્વી વગર પાણી કયાં માય.૬૪
અગ્નિનું કામ તે અગ્નિ કરે, સૂર્ય ચંદ્ર તે તો ફેરા ફરે;
તેથી થાય છે રાતને દન, સમજી લે તું મારા તન.
તે સર્વે જોનાર પુરૂષનું કામ, બીજા કોઇનું નવ લઇશ નામ.
જે ઠેકાણે જેવો વેશ ધરે, ત્યાં તેવી તે લીલા કરે;
રામ કૃષ્ણ રૂપે ઇશ્વર થયો, બીજે રૂપથી જીવજ કહ્યો.
પણ ફેર તેમાં ન મળે લગાર, મકુય વાત શો કહાડીશ સાર. ૬૫

શિ....સાર સ્વામી શો કહાડું હુંય, બોલવા જેવું રાખ્યું નથી મુંય;
સંશય હતો તે સર્વે ગયો, આપોઆપ તે એકલો થયો.

આપ રહ્યા છે સર્વેમાં વ્યાપ, ખવડાવી દીધી છે ભૂલ થાપ;
ભૂલ્યો થકી ધરે છે સંદેહ, તે પણ જાણો તેહનો તેહ.
તેનું કર્યું તે સર્વે થાય, બીજું કોઇ આવે નવ જાય;
તો તે કયાંથી આવ્યો હશે, દયો ઉત્તર તો સંશય જશે. ૬૬
ગુ...તેને આવવું જાવું નથી કયાંય, સત્તારૂપે છે સર્વની માંય;
સત્તાનો શું જન્મજ થાય, રૂપ નહી કયાં આવે જાય.
જ્ઞાન સ્વરૂપે ગાજી રહ્યો, નથી થવાનો ને નથી તે થયો;
અનાદી એવું ચાલ્યું જાય, મરે નહી તો નવો કયાંથી થાય.
સમજી રહે તો સુખ છે ઘણું, મૂકય આપથી આપાપણું;
મૂકયું આપને સમીયો શોક, જય જયકાર બોલો સૌ લોક. ૬૭

મહારાજાની લાવણી.

ઘણું જીવો સયાજીરાવ, સદા સુખકારી;
નિજ પ્રજા ઉપર બહુ પ્રેમ, પુત્ર સમ પ્યારી. (૨) એ ટેક.

છે બુદ્ધિ તણા ભંડાર, કામ નહી કાચું;
સર્વે રાજાથી શ્રેષ્ટ, દેશે સુખ સાચું. ઘણું જીવો. ૧
ભરાવ્યાં નવાણમાં નિર, પુન્યની છે પરવો;
દાનેશ્વરીમાં ઘણા સુર, દાતાર છે ગરવો. ઘણું જીવો. ૨
પ્રજા ભણાવવા કાજ, કેળવણી કીધી;
સૌના શિર નાખી ફરજયાત, પાઈ નવ લીધી. ઘણું જીવો. ૩
વળી કરી છે ગામ પંચાત, મધ્યસ્થ પંચ સ્થાપ્યાં;
એમ વગર માગે પ્રજાય, અગણીત સુખ આપ્યાં. ઘણું જીવો. ૪

પ્રજા ઉદ્યમ વધવા કામ, જકાત નાખી કહાડી;
આખા રાજ્યમાં બાંધી રેલ, નજર પહોંચાડી. ઘણું જીવો. ૫
કર્યો બાળ લગ્ન અટકાવ, બળ વધવા સારૂ;
વળી કારીગરીમાં નહી ન્યુન, મોહ્યું મન મારૂ. ઘણું જીવો. ૬
ક્રુશિકારોને થવા સુખ, તગાવી તેતા આપે;
જે જન શરણુ એમના જાય, પોતાનો કરી સ્થાપે ઘણું જીવો. ૭
એમ આખી પ્રજા તણું, સર્વ દુઃખ હરતા;
ગરીબોની લેતા સંભાળ, રાજ્ય માંહે ફરતા. ઘણું જીવો. ૮
દેશમાં નથી કોઈને દુઃખ, રાજા છે ઘણો રૂડો;
સતયુગ સમ સર્વેને સુખ, ન મળે કળી કુડો. ઘણું જીવો. ૯
જીવો કહે એ મહારાજ, જુગો જુગ જીવો;
વડોદરા રાજ્યની માંહે, પ્રગટયો છે દીવો. ઘણું જીવો. ૧૦

પૈસાની ખુબી વિષે.

(કહું આપને વાત રાજા, સાચે સાચીરે.) એ રાગ.

પૈસા પૈસા હું તુજને, જાઉં વારીરે, જાઉં વારીરે;
તારી કળા ભારીરે, પૈસા પૈસા હું તુજને જાઉં વારીરે. એ ટેક.
પૈસા કાજે મજુર લોકો, માથે લેતા ભાર;
શ્રીમંતોની સ્ત્રીયો તો, રમવા જાતી જાર. અરે હાય પૈસા પૈસા. ૧
દમડા દેખી જોગી મોહ્યા, મોહ્યાં નાનાં બાળ;
સીતેર વર્ષના વૃદ્ધ કાકા પણ, તે પર દેતા ફાળ. અરે હાય પૈસા. ૨

દમડા કાજે ભિક્ષુક લોકો, ઘેર ઘેર ફરતા;
મોટા મોટા સામર્થ્ય લોકો, એની પુજા કરતા. અરે હાય પૈસા પૈસા. ૩
સુરાઓ પણ રણમાં મરતા, તે પણ તેના કાજ;
તે દમડાની ખાતર બનીયા, મુકે જળમાં ઝાઝ. અરે હાય પૈસા પૈસા. ૪
પૈસા કમાવાના તો કાજે, રાલીવાળે કીધી ભોટ;
ઓ પૈસા તારી બલીહારી, આખી આલમ મૂકે દોટ. અરે હાય પૈસા પૈસા. ૫
નર અને વળી નારી મોહ્યાં, મોહ્યાં મુંગાં સોત;
એંશી વર્ષના બુઢ્ઢા કાકા, મુખમાં જેને મોત. અરે હાય પૈસા પૈસા. ૬
રાણી મોહ્યાં રાજા મોહ્યા, વાળ્યો આડો આંક;
તપશીએ તૃષ્ણા નહી છોડી, તો દુનિયાંનો શો વાંક. અરે હાય પૈસા પૈસા. ૭
પૈસા કાજે પદમણી પણ, પાણી પરનાં ભરતી;
ઝાઝું જીવો શું કહે મુખથી, આખી દુનિયાં પાછળ ફરતી.
અરેહાય પૈસા પૈસા. ૮

(અંત્રિક્ષથી ઘોડી ઉતરી) એ રાગ.

ધન્ય છે ધીણોજ ગામને, ધન્ય શેઠ શાહુકાર;
પરમારથ પર છે પ્રીતિ ઘણી, પુન્યશાળી અપાર. ધન્ય છે. ૧
ધન્ય તે મહંત મહારાજને, સીતાસરણ જેનું નામ;
પુન્યની પાળ બાંધે સદા, ઘેર દુઝે છે ગામ. ધન્ય છે. ૨
ધન્ય ગુરૂદેવ માહરા, ભગવાનલાલ જે કહેવાય;
સમાગમ સાચા મનથી કરે, ભાવટ ભવની તે જાય. ધન્ય છે. ૩
ધન્ય [illegible] નારણભાઈને, જેની જગમાં નહીં જોડ;
પુન્યના [illegible] પીતિ ઘણી, કરે મહેનત તનતોડ. ધન્ય છે. ૪

શ્રીમાન શેઠ શીવલાલ છે, પાસે લક્ષ્મી છે પુર;
પુન્યમાં પાછા પડે નહી, દાનેશ્વરીમાં છે સુર. ધન્ય છે. ૫
વૃદ્ધ શેઠ હાથીભાઈ છે, આખા ગામનું નાક;
ભૂખ્યાને અન્ન આપે સદા, સર્વે વાતમાં પાક. ધન્ય છે. ૬
શાહુકાર મધ્યે શીરોમણિ, ચુનીલાલ જેનું નામ;
હમેશ અધમણ અન્ન વાપરે, પરમારથ કેરા કામ. ધન્ય છે. ૭
કસ્તુરભાઈ છે કોડામણા, પુન્યવંતા અપાર;
ભિક્ષુક ઉભો આગળ જઈ, મહોડે ન મળે નકાર. ધન્ય છે. ૮
દાતા તો જેશીંગભાઇ છે, હોળી ચકલામાં વાસ;
અવાચ્ય પ્રાણી કબુતરાં, નિત્ય પુરતા આશ. ધન્ય છે. ૯
વિઠ્ઠલભાઈ વિવેકી ઘણા, ધર્મ ધોરંધર ધીર;
પુન્ય તણા પ્રતાપથી, છે ચાર તે વીર. ધન્ય છે. ૧૦
તે વિણ શેઠ શાહુકાર ઘણા, ગણતાં આવે નહી પાર;
આખું ગામ પુન્યશાળી છે, નર અને સહુ નાર. ધન્ય છે. ૧૧
હરિભાઇ હીરો એક ગામમાં, ટાળે દુ:ખીયાનાં દુ:ખ;
જીવો કહે હવે નહી રહે, ભૂખ્યા લોકોની ભૂખ. ધન્ય છે. ૧૨

(ગરીબો તરફથી શાહુકારોને વિનંતી.) રાગ ભજનનો.

અડસઠે તો કહાડી નાંખ્યો ઘાણુરે, ગરીબોના લીધા પ્રાણ;
અડસઠે તો કહાડી નાંખ્યો ઘાણુરે, (૨) એ ટેક.
વેચી માર્યા લો ને દોરી, બળદ હતા જે ધોરી;
ન જોયું આવે રમાં હાણુરે, અડસઠે તો. ૧
બાળકડાં ખ રોતાં, મા બા ાંચરાં

ઘરમાં પડી છે અનાજની તાણુરે, અડસઠે તો. ૨
બાપા પહેલાં હતો હું જાડો, જુઓ પડયો પેટમાં ખાડો;
આવા દહાડા કયાંથી આવ્યા ઓણુરે, અડસઠે તો. ૩
જબરાઓને જાવા દીધા, ગરીબ સૌ ખાલી કીધા;
અન્ન વિના ઉંચા ચડાવ્યા પ્રાણુરે. અડસઠે તો. ૪
જેને આવે માગતાં લાજો, તેનો કેમ રહેશે મલાજો;
જાણુતા જન લેજો તમે જાણયરે, અડસઠે તો. ૫
કેટલાક છે કુળવાનના છોરૂ, નવ દીઠેલ કાળુ કે ગોરૂં;
મિલ્કતમાં પાસે છે એક પ્રાણુરે. અડસઠે તો. ૬
એવી ગરીબોની છે બિના, સાંભળી હ્યો તમે રંગના ભીના;
જાણી જોઈ નહી થશો અજાણુરે, અડસઠે તો. ૭
ઉપકાર તમે કરોને મહોટા, નહી આવે કંઇ ધન્યના ટોટા;
તો તો મોટા થયા પ્રમાણુરે. અડસઠે તો. ૮
વિવેકી વિર વહેલા જાગો, શું આપશે ગરીબોને નાગો;
જેની પાસે નહોય પહાણુરે, અડસઠે તો. ૯
અરજ એટલી ઉરમાં ધારો, ધન્યના ધણી ધર્મ તમારો;
જીવો કહે પ્રભુ કરશે કલ્યાણુરે. અડસઠે તો. ૧૦

શ્રી પંચમ જ્યોર્જ મહારાજાની લાવણી.

ઘણું જીવો જોર્જ મહારાજ, માતુ મમ મેરી; (૨)
તેમના નેક રાજની માંય, મળે નહિ કોઇ વહેરી ઘણું જીવો. ૧
છે [illegible]જા સર્વે રાજ ભક્ત, રાજ હિત ચહાતી;
સુખ મ[illegible] અપરંમપા બહુ મકળાતી. [illegible] [illegible]ણું જીવો. ૨

ઘણાં થઇ ગયાં બીજાં રાજ, સુખ નહિ એવું; (૨)
હરિશ્ચંદ્ર નળ ને રઘુરામ, જનકના જેવું.   ઘણું જીવો. ૩
તેથી પણ વાળી ટાંક, જ્યોર્જ ઘણું જીવો. (૨)
મેરી મમ માત સહિત, પ્રગટયાં બે દીવો.   ઘણું જીવો. ૪
પ્રજાપર રાખે બહુ પ્રેમ, કરૂણા ઘણી કીધી; (૨)
દિલ્હી બનાવ્યું તખ્ત, જાતે શુદ્ધ લીધી.   ઘણું જીવો. ૫
આતુર જનોને ઓણુ, દર્શન તમે દીધાં; (૨)
ઘણાં કીધાં પ્રજાનાં કામ, સંભારી સૌને લીધાં.   ઘણું જીવો. ૬
પ્રજા આગળ વધવા કાજ, માપ લીધું માપી; (૨)
રૂપીઆ પચાસ લાખની ગ્રાંટ, દરવર્ષ માટે આપી.   ઘણુંજીવો.૭
તેથી ભણી કરી પ્રજાય, હુન્નર બહુ કરશે; (૨)
આ ગરીબડા હિંદ તણું, હવેથી ભાગ્ય ફળશે.   ઘણું જીવો. ૮
થશે લક્ષ્મી પાસે પુર, ઉદ્યમ વધવાથી; (૨)
જશે જન્મારાનું દુઃખ, કહો ભાઇ શાથી.   ઘણું જીવો. ૯
તે સઘળો છે પ્રતાપ, જ્યોર્જનો જાણો; (૨)
એમની કરૂણા દૃષ્ટિ પ્રતાપ, આનંદ સુખ માણો. ઘણું જીવો. ૧૦
ધન્ય હિંદ છે તારૂં ભાગ્ય, મળ્યો રૂડો રાજા; (૨)
બકરી વાઘ તે જોડે જાય, તોડે નહી કોઈ માજા. ઘણું જીવો. ૧૧
થયો કલેશ દુનીયામાં દુર, સુખ છે ઘણું ભારી; (૨)
સૌને આનંદમાં દિન જાય, નર અને સૌ નારી. ઘણું જીવો. ૧૨
જીવો માગે ઇ[illegible]ી પાસ, અરજ ઉર ધરજો; (૨)
રહે જ્યોર્જ[illegible] [illegible]નિચળ રાજ્ય, કરૂ[illegible] [illegible]   જીવો. ૧૩

"કુંડળીઆ."

આ જગ એવું જાણજે, જળ પરપોટો જેમ;
વેરાતાં વાર લાગે નહિ, તો શો ધરવો પ્રેમ.
વાદળ કેરો છાંયડો, ઘડી પછી વિખરાય;
રોકયો કોઇનો નવ રહે, ધૂમાડા પેરે જાય.
ધૂમાડા પેરે જાય, તેવું તું જાણજે સાચું;
વિસ વશા છે જુઠ, કામ કાયાનું કાચું. ૧
વાંઝણી કેરો પુત્ર, રૂડો રૂપાળો કહાવ્યો;
કરી જો તેનો તપાસ, કહે તે કયાં થકી આવ્યો.
તેને થયા બહુ પુત્ર, કહે કોઇ માનશે સાચું;
સમજુ માનશે નહિ, મૂરખના મનમાં રાચ્યું.
મૂરખના મનમાં રાચ્યું, તેથી એ શું કારજ સારસે;
પોતે તો ગુંચવાઇ રહ્યા, બીજાને ગુંચવાઇ મારશે. ૨
કુંવારી છે એક નાર, તેને તો પેઉજ કહાવ્યો;
કરી જો ભાઇ તપાસ, વગર પરણે કયાંથી આવ્યો.
તેવાં જુઠા જુઠ, ગોઠવી મૂકયાં છે જાળાં;
તેને માને છે સાચ, ભોળીયાં જન ભમરાળાં.
ભોળીયાં જન ભમરાળાં, ચીત ખોળી નવ જોયું;
આવ્યાં ત્યાં રળવા કાજ, બાધું હતું તે ખોયું. ૩
જેવો માવઠાનો મેહ, કહો અર્થ એ શું સારે;
નિપજે નહિ કાંઈ વસ્ત, બાકીનું હોય તે [illegible]રે.
[illegible]ીન ખારે જાય, બગડે ભૂમી તે બાધી;
[illegible] [illegible] ખારે ખાધી

સરવે તે ખારે બાધી, તો વિમાસવું વળતું પડે;
લે કોઈ સદ્ગુરૂનું શરણુ, તો જુગતિ તુજને જડે. ૪
ઝાંઝવા કેરૂં નીર, ભાળી કોઇ પીવા દોડયો;
ભર્યું પાત્ર તે માંય, ખાંતેથી પીવા માંડયો.
જેમ જેમ ઝાઝું પીએ, તૃષ્યા તેની નવ જાતી;
શરીરે ચઢીઓ સ્વાસ, વેદના વસમી થાતી.
વેદના વસમી થાતી, તરશ્યા તો તેમની તેમ રહી;
તેમ લોભી ગુરૂને ખોળશો, અગ્નિ ઓલવાશે નહિ. ૫
ગુરૂ કરવા કહેવાય કે, જેનાં હોય નિર્મળ-નેણાંઃ
કરૂણારસનું હોય ધામ, મૂખમાં હોય અમૃત વેણાં.
હૃદય માખણ તુલ્ય, કદી જુઠુ નવ ભાંખે;
સુખ દુઃખ સર્વે સમાન, જેમ આવે તેમ સાંખે.
જેમ આવે તેમ સાંખે, ગુરૂ તો તેવા ગોતીએ;
કોઇને પૂછયાનું નહિ કામ, વધાવી લે ભરી થાળ મોતીએ. ૬
સરસે સર્વે કાજ, જાશે તે સર્વે વ્યાધી;
સંશયનો નવ મળે માગ, ટળશે તે સર્વે ઉપાધી.
નર્ક સ્વર્ગની વાટ, જશે તે સેજમાં નાશી;
અષ્ટમાસિદ્ધ નવનિધ, તારી આગળ તો દાસી.
તારી આગળ તો દાસી, પછી બાકી તારે શું રહ્યું;
જમનારો જાણશે સ્વાદ, બાકી બીજે નવ જાયે કહ્યું. ૭
શિષ તો [illegible] જોઇએ, સાંભળજે ધરી મન;
ભુખથી [illegible] આકરો, કહે કયારે મળશે અન્ન.
જેવો [illegible] હોય છે, [illegible]

અન્ન નિર અવની ઘણું, જરા નહિ તે શું સ્નેહ.
જરા નહિ તે શું સ્નેહ, પ્રીત પરજન્ય શું ભારી;
પતંગને વહાલો જેમ દીપ, મચ્છને વહાલું જેમ વારી. ૮
જેવી કામીને કામની, જેવું લોભીને ધન;
સ્વપ્નામાં ન વિસરે, અહોનિશ એમાં મન.
જેમ કોયલને અંબવન, જેમ મેઘને મોર;
જેમ ચકોરને ચંદ્રમા, જેમ રજનીને ચોર.
જેમ રજનીને ચોર, તેમ ગુરૂ ચરણે ચિત્ત ધરવું;
ઉઘડશે અનુભવ આંખ, ટળી જશે જન્મવું મરવું. ૯
ગુરૂ તો પારસમણી, કંચન કરવાનો ભાવ;
પણ શિષ કાટ કાઢે નહિ, તો કયાંથી પહોંચે લાવ.
ગુરૂ તો ચંદન વૃક્ષ છે, અન્ય વૃક્ષ ચંદન થાય;
એરંડા વાંસ અભાગીયા, હૃદયમાં ગાંઠ ન માય.
હૃદયમાં ગાંઠ ન માય, ત્યાં સુધી તો સર્વે કાચું;
મૂકે જો ખળ સ્વભાવ, ચંદન બનવાનું સાચું. ૧૦
ગામ પેથુજમાં રહું, ભાવસાર જ્ઞાતિમાં વાસ;
જીવો નામ જગત કહે, હું હરિજન કેરો દાસ.
બળદેવજીનો બેટડો, બેનકોર તે મુંજ માત;
ગુરૂ તો ગોવિંદ સ્વરૂપ છે, ભગવાનદાસ મુજ ભ્રાત.
ભગવાનદાસ મુજ ભ્રાત, છે વિવેકી લઘુ વીરા;
સુતનું છે લાલજી નામ, પુત્રી એક નામ દ [illegible]ીરા. ૧૧
[illegible] સંવત ૧૯૨૩ ના આસો સુદી [illegible] વાર ગરેઉ.

ભજન. ૧

" રાગ વૈહર્ભીનો. "

જગમાં તે જન્મીને શું કર્યું, તારા આત્મા કાજ;
ભવમાંહી ભટકે ઘણું, કેમ આવે નહિ લાજ. જગમાં. ૧
નિંદા પરાઇ નીત્ય કરે, કરે છે કુડાં કામ;
હરામનું ખાવા હડાઓ કરે, દેવે કેટલા ડામ. જગમાં. ૨
મોહ્યો પુત્ર પરિવારમાં, મોહ્યો ઘરની તે નાર;
મોહ્યો તે ધન ને માલમાં, ધિક્ક તારો અવતાર. જગમાં. ૩
મોહ્યો જોઈ મંદિર માળીયાં, મોહ્યો ગામ ગરાસ;
કેશવ કિર્તન નવ કર્યું, બન્યો માયાનો દાસ. જગમાં. ૪
મોહ્યો તે વાડીને બંગલા, મોહ્યો ઘરેણાં ઘાટ;
કાળ રહ્યો દિવસ ગણે, ધરે નહિ તું ઉચાટ. જગમાં ૫
ભૂખ્યાંને અન્ન આપે નહિ, કોઇને પાણી ન પાય;
પરમારથ પાઇ ન વાપરે, પેટ ભરી નવ ખાય. જગમાં. ૬
વણજ વેપારમાં રહ્યો વહી, નહિ નટવરશું નેહ;
એક દીન એવો આવશે, ટુટે સર્વે સનેહ. જગમાં. ૭
ચેતીને ચાલતું પ્રાણીયા, કર પરમારથ કામ;
તો જગમાં જ [illegible] વાધસે, રહેશે અવીચળ નામ. જગમાં ૮
હરિ ગુણ ગા[illegible]રે હેતસુ, નહિ બેસે કંઈ દામ;
જીવો કહે [illegible]ળે, અંતે [illegible] જગમાં ૯

ભજન ૨.

રાગ ભાવનો ભોગીરે હો વાલો.

ભજન કરી લ્યોરે હો ભાઇઓ,
આ સંસારનો છે કાચો પાયો. ભજન. ૧
પાણીમાં પરપોટો હો થાય છે,
એતો જોતાં જોતાંમાં વેરાય છે. ભજન. ૨
વાદળ જેવીરે હો છાયા,
તેવી આ જગની જાણવી માયા. ભજન.
ગોડીયા કેરીરે હો બાજી,
તે જોઇ શુંય થવાનું છે રાજી. ભજન. ૪
દીપકમાં પતંગ પડે હો દહાડી,
તેવી વેરાશે તારી તન કેરી વાડી. ભજન. ૫
મૃગ જળ ભાળીરે હો દોડે,
અજ્ઞાની મૃગલાં મ્હોડાં માંડે. ભજન. ૬
ઇંદ્ર ધનુષનેરે હો મોતાં,
ઘડી પછી રહેવાનાં તે જોતાં. ભજન. ૭
સ્વપ્ના જેવુંરે સુખ આતો,
મુરખ તેમાં શું મકલાતો. ભજન. ૮
આતસબાજીરે હો જોઇને,
અજ્ઞાની શુંરે રહ્યો છે મોહીને. [illegible]ન. ૯
જીવાનો મારગરે હો ઝાલો,
[illegible] શી[illegible] [illegible] ઘાલો. [illegible] ૧૦

ભજન ૩ ઉલટી વાણીઆં.

(લાવ્ય સખી એતું મન લલચાણું—એ રાગ.)

અચંબા એક દેખ્યા મેં ભારી,
નીચે પુરૂષ ઉપર છે નારી. અચંબા ૧
બીના જીભ કરતા હે વાદા,
બિના કાન સુનત રહ્યા નાદા. અચંબા. ૨
બિના આંખ સબ રહ્યાહે દેખ્યા.
બિના ભણે ગણુતા બહુ લેખા. અચંબા. ૩
બિના ચરણુ અવનીપર ચાલે,
શરીર નહિ પણુ સબ જગ માલે અચંબા. ૪
વિના કર સબ કર રહ્યા કામા,
નામ નહિ કહે તે બહુ નામા. અચંબા. ૫
વિના નાક સુગંધકું ગ્રહેતા,
વિના મુખ ભોજન બહુ લેતા. અચંબા. ૬
બિના બાદલ વરબ બહુ હોતી,
બિના દિપક જલતી હે જોતી. અચંબા ૭
બિના બેપારે જોડી બહુ માયા,
બિના સંયોગેસે પુતજ જાયા. અચંબા. ૮
બિના શરીર હુવા બહુ તાજા,
બિના જીંત્ર બજાવત બાજા. અચંબા. ૯
બિના િંડ લે શ્વાસ ઓ શ્વાસા,
જયાં મું તાંહે ઉનકા હે બાસા. અચંબ

બિના બીજ બન રહી બહુ ઝાડી,
દેખ લે તેરી આંખ ઉઘાડી. અચંબા. ૧૧
કહેત જીવા સુણુ ભાઇ જ્ઞાની,
ઓલખ લીજે ઓહી હે નિશાની. અચંબા. ૧૨

ગજલ કવાલી. ૧

ગજલ એક સુણુ ભાઇ જ્ઞાની, પૂછત હે એક અજ્ઞાની;
કરતા હે નેનથી ચાળા, ઓહીકું કોઇને ભાળ્યા.
કરતા હે મુખથી વાણી, બતાવો ઉસકી એધાણી. ગજલ. ૧
સુણતા હે કાનથી નાદા, ઉસીસે કોઇ હે જાદા;
ચરણુ બીન ચાલતા ભારી, ઇસીસે કોઇકું હે યારી. ગજલ. ૨
બીના કર કરતા હે કામા, ઉસીકે જાનતે હો નામા;
બિના નાક ગંધકુ લેહેતા, ઓઇ કહો કયું જગો રહેતા. ગજલ. ૩
બિન ઇંદ્રી સુખ તો લેતા, જગતમાં હોત હે જેતા;
સ્પર્શકા જ્ઞાન ઓ જાણે, ઈશને દેખા કો ટાણે. ગજલ. ૪
ગુદાસે મલ જેણે ત્યાગ્યા, ઉસીસે સ્નેહ કોઇકું લાગ્યા;
જીભ્યાએ સ્વાદ જે જાણે, કરીછે દોસ્તી કો ટાણે. ગજલ. ૫
બિના ભૂખ ખાતા હે ભારી, દુનિયાં ઓળખ ની સારી;
બિના પાંખ આકાશમાં ફરતા, તે બિને મુઝાઇમે મરતા. ગજલ. ૬
ગગનમે ચંદા જીને કીના, ઉસ બીન ધિક હે જીના;
કહો એ કહાં રહા જાતા, ઉસીસે કોઇકું હે [illegible]ાતા. ગજલ. ૭
[illegible]રે ઉસી સાથ હે કામ, કોઇ બતાવો ઓ[illegible] ધામા;
[illegible]જે [illegible] કોઇકું બતાવે [illegible]ી. ગજલ. ૮

ગજલ ૨ રાગ સદર.

મેને એક મુલ્લક તો જોયા, સંશય સબ દીયા ખોયા. ટેક.
નહિ ત્યાં પવન કે પાણી, ઓળખ લ્યો એહી હે એધાણી;
નહિ ત્યાં સુરજ કે ચંદા, સદા ત્યાં રહેતે આનંદા. મેને. ૧
નહિ ત્યાં પૃથ્વી કે પહાડા, નહિ ત્યાં મનુષ્યકા વાડા;
નહિ બીજલી નહિ તારા, જોઉં તો આનંદ હે સારા. મેને. ૨
નહિ જયાં રાત કે દહાડા, નહિ ત્યાં ધર્મના વાડા.
નહિ ત્યાં ગુરૂ કે ચેલા, જોઉં ત્યાં આપ એકીલા. મેને. ૩
નહિ ત્યાં રાજા કે રાણી, નહિ ત્યાં કુવા કે પાણી;
નહિ ત્યાં બાપને બેટા, આપો આપ આપકું ભેટયા. મેને. ૪
નહિ જાત્રા નહિ મેલા, નહિ ત્યાં વાડ કે વેલા;
નહિ ત્યાં નાણાકી થેલી, જવાનું મૂકી અહી મેલી. મેને. ૫
નહિ ત્યાં જાગ્રત કે સ્વપ્ના, સબહી હોત હે અપના;
નહિ ત્યાં રેલકી ગાડી, નહિ ત્યાં જંગલ કે ઝાડી. મેને. ૬
નહિ ત્યાં ફેલકે ફંદા, નહિ ત્યાં મેલા કે ગંદા;
નહિ ત્યાં હાટ કે હુંડી, નહિ ત્યાં દુનિયાકી રૂઢી. મેને. ૭
નહિ ત્યાં માનકે પાના, નહિ ત્યાં મોટા કે નાના;
અભડછેઠ ન મળે નામા, તેવા સુખરૂપ છે ધામા. મેને. ૮
કહો તે કયાં હશે ભાઈ, નથી ત્યાં જાયા કે જાઇ;
કહો કોઇ સંત [illegible]ય સુરા, જાણુવેમેં હોય જે પુરા. મેને. ૯
દુખીકા કષ્ટ તે [illegible]પો, કરૂણા કરી એટલું આપો;
જીવાકું એહ [illegible] હે, તે માટે [illegible] રોતા હે. [illegible]ને. ૧૦

ગજલ. ૩ રાગ સદર.

મીલ્યા કારીગર કળાવાળા, ખોલ દીઆ ઝુમકા તાળા. ટેક.
હવે મેં જવાના કુાવી, ધરૂંસે ચાવી હાથ આવી.
વાગ્યા હે જ્ઞાનકા ગોળા, ભંડાર તો દેખા અણુમોલા. મીલ્યા. ૧
પહેરી શુદ્ધ બુદ્ધકી સાડી. ઉખડ ગઈ અજ્ઞાનકી વાડી;
કામ ક્રોધ લોભ તો ભાગ્યા, માલીક માંહેથી જાગ્યા. મીલ્યા. ૨
હવે મેં આકાશમાં ફરતા, કોઇકા ડરાવ્યા નહિ ડરતા;
અવનીથી અધર મેં ફિરતા, નહિ જન્મતા નહિ મરતા. મીલ્યા. ૩
દુનિયા છોને મરે પાજી, હમ તો હોત હે રાજી;
પી ગયા પ્રેમકી પડીયાં, અમ્રતકી બરસતી ઝડીયાં. મીલ્યા. ૪
આનંદ ઉર માંહે નહિ માતા, જ્યાં ત્યાં ઢલી ઢલી જાતા.
બિરલા જન હાથ મેં લેતા, પ્રેમી બિન કોઈકું નહિ દેતા. મીલ્યા. ૫
પ્રેમની રીત છે ન્યારી, જાણે એક બીજની નારી;
બાકીનાં દાઝે તો બળશે, જીવો કહે કયાંથી તે તરશે. મીલ્યા. ૬

પારસમણિ શું છે ?

પારસમણિ શું છે આંધળાઓને દેખતા થવાનું એક અમૃત છે.
પારસમણી શું છે પાંગળાઓને ચાલવાની એક રામની સેતુ છે.
પારસમણી શું છે બહેરાઓને સાંભળવાનું એક મિરિકીયન યંત્ર છે.
પારસમણી શું છે. ભૂખ્યાઓને ભૂખ મટાડવા એક કલ્પવૃક્ષ છે.
પારસ[illegible] શું છે નર્કમાંથી કાઢી સ્વર્ગમાં લે[illegible]નારૂં વિમાન છે.

પારસમણી શું છે જન્મ મરણુની જાળમાંથી છોડાવનાર સાચો ગુરૂછે.
પારસમણી શું છે સંસારમાં સુખરૂપે રળી ખવાય તેવી સારી પુંજીછે.
પારસમણી શું છે બળતાને ઠારવાનો અમૃતરૂપી ઝરો છે.
પારસમણી શું છે ગમે તેવા સંકટમાં એક સહાય આપનારો મિત્રછે
પારસમણી શું છે કુમાર્ગથી સુમાર્ગે ચઢાવનાર એક ભોમીયો છે.
પારસમણી શું છે ઢાંગીની જાળમાંથી છૂટવાની કાતરણી છે.
પારસમણી શું છે સતસંગીઓની જીજ્ઞાસાપૂર્ણ કરનાર સાધન છે.
પારસમણી શું છે દુષ્કાળીઓને સહાય આપનાર એક ગૃહસ્થછે.
પારસમણી શું છે છેવટમાં છેવટ મોક્ષનું મંદિર દેખાડનારૂં દુરબીનછે.

" વિજ્ઞાપના "

એ પારસમણીના વાંચનાર મુમુક્ષુ હરીજનો તમે હું ગમે તેવો હો શું તે સામું લક્ષ બીલકુલ આપતા નહિ કારણ કે તે પારસમણી પથરામાંથી નિકળે છે તો પથરો ખરાબ છે તેવું જાણી શું પારસમણી નહિ લેવી ? વળી આંબાના ફળ ખાનારે વેચનાર ધણી ગમે તેવો કાળોગોરો કાણો લુલો વ્યસની કે વ્યભીચારી મધુપાની કે માંસાહરી હોય તે સામું જોવાનું નથી તેને તો તેના અમૃત જેવા રસનું કામ છે નહિ તો ગોટલા છોતરાં સુધાં પણ ફેંકી દેવાનાં છે તો વેચનાર ધણી સામું તો જોયજ શાને તેમ તમારે મારા અવગુણ સામું જોવા નથી તૃષ્યાતુરને તો ફક્ત પાણી પી લઈ તરસ મટાડવાનું કામ ...ી વાંકી ... ...ાના આરા

આવા કેમ ખરબચડા છે ને તે કયાંથી નિકળીને આવે છે ને કયાં જાય છે, તે સામું જોવાનું નથી તેને તો તરસ મટી એટલે બસ સમજવું લાડુના ખાનારે લાડુ જમ્યા ઉપર ધ્યાન આપવું પણ આ લાડુ કોણે વાળ્યા છે રસોઇયો કોણ છે ને તે કયાંથી બોલાવવામાં આવ્યો છે ને આટો કોણે દળ્યો હતો ? ગોળ કયાંથી મંગાવ્યો હતો રવા નાના હતા. કે મોટા ને ઘી કોના ત્યાંથી આણ્યું હતું. ને તેનું શું બારદાન કાપવામાં આવે છે. પત્રાળાં શું ભાવથી લાવ્યા હતા. તેવી તેવી વાતો કરવાથી તારી ભૂખ જશે નહિ. ભુખતો જ્યારે તું નીચે મોં કરીને જમવામાં ધ્યાન આપીશ તો જશે. માટે હે વીવેકી હરીજનો તમારે પણ મારા દુર્ગુણ સામું જોવાનું નથી. ને જોવા જશો તો પછી તમારી કરેલી મહેનત વ્યર્થ જશે. ને તરશ્યાને ભુખ્યા રહી જવાના માટે વિચાર કરીને ચાલજો. ફરીને અવસર હાથ આવવો ઘણો મુશ્કેલ છે. નાવડું ભાગ્યું તો બસ. ચારેકોરે પાણી ફરી વળવાનું ને વચ્ચે ડુબકાં ખાધા વખત આવવાની માટે ધ્યાન પહોંચતુ કરજયો. આ પારસમણી નામની રસોઇ બનાવી તમારા મોં આગળ પીરસવામાં આવી છે. ને તે રસોઇ કરતાં શીખવાનો આ મારો પહેલવહેલો આરંભ છે તેથી કંઇ સ્વાદમાં ન્યુન્યાધિક લાગે તો મોં મચકોડશો નહિ. કારણ કે તેમાં સીધાં પાણી તો તમામ તમારા ધણીનાં છે. હું તો ફક્ત ભાડાનો રસોઇયો છું. ને તે રસોઇમાં મશાલા પૂરાબાવન નાખવામાં અ[illegible] છે. ને તેપનમો દુનિયામાં મળતો નથી. હા છે. પણ કોઇને જા[illegible] નથી તેથી તેને [illegible]ને સમ[illegible] [illegible]વાથી [illegible]ાસો કઇ વખતે

નાંખવો તેમાં મારી કદી નહી આવડતના લીધે કેડ મોરચ નાંખવામાં આવ્યો હશે. તેથી જમણુની લહેજતમાં જરા કસર રહે તો એ પણ જમી લેજયો. તો બીજું નહિ તો તમારી ભુખ તો જરૂર જવાનીજ ને આ રચનામાં તમોને જયાં જયાં ભુલ જેવું જણાય તે આપે એક કાગળમાં ટીપણ કરી મને લખી જણાવવા મહેરબાની કરવી તો ફરીથી લહેજતદાર રસોઈ બનાવવામાં ભાગ્યશાળી બનું. તેથી તમારો ઘણો ઉપકાર માનવામાં આવશે. એજ વિનંચી.

ટીકાકાર મિત્રને સુચના.

આ પુસ્તકની કાચી નોટ કરી મારા એક ખાનગી મિત્રને વાંચી બતાવવામાં આવી હતી. તો તેઉ સાહેબે છપ્પા ૨૫ થી ૨૯ સુધી માંના કેટલાક મજકુરો કાઢી નાંખવાનો અભિપ્રાય દર્શાવ્યો હતો તો તે સાહેબને જણાવવામાં આવે છે કે હું તમોને ખાત્રીથી કહું છું કે તેવાજ સેતાન ઢોંગી લોકોએ પોતાની દુર વાસનાઓ પુરી પાડવા માટે આપણા ગરીબડા હિંદના ભાવીક ભોળા ભકતોને પોતાની જાળમાં સપડાવી દીધા છે. ને ખરૂં શું છે. તે અત્યાર સુધી પણ જાણવા કે જોવા દીધું નથી. તેવા ભાઇઓ હવેથી તેવી ભુલો કરતા અટકે ને ખરૂં શું છે! તે પોતાની મેળે અગર કોઈ સારા ગુરૂ દ્વારાએ મેળવી [illegible]કે. તેવા હેતુથી તે મજકુર કાયમ રાખવામાં આવ્યો છે. વળી [illegible]આ પુસ્તક ગુરૂને અર્પણ કરવામાં આવ્યું છે. ત્યાં આગળ જી [illegible]અર્પણ ક[illegible] [illegible]ાં [illegible] તે જરા

ભારે શબ્દ છે. ને તે મારા જાણવામાં પણ છે. ને રામ શબ્દ કાઢી નાંખવામાં આવે તો ભારે ગણાય નહિ. તે હું જાણું છું. પણ આપણે સર્વે તથા ગુરૂ મહારાજને તે શબ્દ ઓળખવા માટે મહેનત કરવાની છે. તો તેને કેમ કહાડવો. તે વાત ઈષ્ટ નહિ લાગવાથી કાયમ રાખવામાં આવ્યો છે. તો આપે સંશયાતમા થવું નહિ. વળી ઢોંગી લોકોને તે પ્રમાણે ફટકા પડવાથી પોતાની ભુલ જણાશે. તો તે પણ સારા રસ્તા ઉપર આવવા પોતાનું વલણ કરશે તો તેમનું પણ કલ્યાણ થશે. તો તે પણ લખનારને નિર્દોષ ગણશે. તો આપે તેવી શંકા કરવાનું કારણ નથી કારણ કે મેં કોઇના ઉપર દ્વેષ ભાવથી લખ્યું નથી. ને હું પંડે પણ તેવી ઘણી ભુલો કરૂં છું. મતલબ કે મનનો સ્વભાવ ઘણો વિચિત્ર છે ને તેનું નામ અજીત છે. ને તેને કોઇ પણ જીતી શકયું નથી. ને આપ જો પોતાના મનનો પૂરેપૂરો તપાસ કરી જોશો તો તમને પણ ખાત્રી થશે કે મારામાં પણ તે દુર્ગુણ રૂપી ચોરટો છે. ને તેવી ભુલો કરે છે. તો પછી તમો ઉપરની બીના બીલકુલ વખોડી કાઢી શકશો :નહિ. ને તેના માટે જ તમામ શાસ્ત્ર કરવામાં આવ્યાં છે.

"ગ્રાહક કહે છે."

ભાઇ તમે આ શેનું પુસ્તક વેચો છો. જ પ....સાહેબ એતો પારસમણીનું પુસ્તક છે. ગ્રાહક કહે છે....અહો હોહો....તેનું નામ તો ઘણું ... તેના ... છે. તે જરા

કહી બતાવશો. જવાબ...હા. તે તો લોઢાનું સોનું બનાવે છે. તેથી એ વધીને માણુસનું પણ સોનું કરી દે છે. તેનો તેવો મોટો ગુણ છે. કહો ભાઈ તમારે લેવું છે ? હા લેઉં તો ખરો પણ તેની કિમત શી રાખવામાં આવી છે. જવાબ...અણુમૂલ ત્યારે તો હું કેવી રીતે લેઇ શકું એટલાં નાણાં તો મારી પાસે નથી. તેથી લાચાર છું. જવાબ....ભાઈ? તું લાચાર થઈશ નહિ. તે માટે તો તેની એક જુદાજ પ્રકારની ગોઠવણ કરવામાં આવી છે. બોલો જો ? જવાબ.... તેની કિમત અણુમુલ્ય છે. એટલે તેનું મૂલ મારાથી કહી શકાયજ નહિ. પણ એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે જેને જોઇએ તેને ભેટ તરિકે મફત આપવું. ને તેના બદલામાં તેની સરતમાં આવે તે રકમ તેણે આપવી. ને તે રકમ આવશે તે તમામ એકઠી કરી. તે પુસ્તકની છપામણી ખર્ચ, તથા બીજું ફાલતું જે ખર્ચ થયું છે. તે સર્વે બાદ કરતાં જે રકમ વધશે તે દુષ્કાળથી પીડાતા ગરીબોને અન્ન વસ્ત્ર આપી દેવામાં આવશે. કહે ભાઇ તમારે તે પુસ્તક લેવું છે? હા. મને એક નકલ આપો. તેના બદલામાં હું મારી શકિત પ્રમાણે ખુશી થઇ આ દશ રૂપૈઆ આપું છું પણ તમારા કહેવા પ્રમાણે મારૂં કામ થાશે ? હા. થાશે ખરૂં. પણ સરત એજ કે તારા મનમાં જે કાટ હોય તે કાઢી નાંખી તેનો ઉપયોગ કરજે. એટલે તું તરત સોનું થઈ જવાનો ને ઉપર ઉપરથી લોકોને દેખાડવા માટે ઘસી- સતો ઉલટું તારૂં [illegible]ર છોલાઇને ચાંદીઓ પડશે. માટે મારી સલાહ પ્રમાણે ચા[illegible]જે. ગ્રાહક કહે છે....વારૂ. જાણું છું. જવાબ.... સુખેથી પધારો.

એક જીજ્ઞાસુ પૂછે છે કે? આ પારસમણી બનાવનારના ગુરૂ કેવા સમર્થ હશે? તો તેનો જવાબ.

છપ્પો.

ગુરૂના સામર્થની નહિ મણા, ગણવા બેસું તો છે પણ ઘણા;
વેશ્યા નારીને જેટલા જાર, તેમ મારે ગુરૂ તણો નહિ પાર.
પહેલો ગુરૂ હું પોતે જાણુ, બીજા ગુરૂ મા બાપ પ્રમાણુ;
ત્રીજા ગુરૂ જ્યાં વિદ્યા ભણ્યો, ચોથો ગુરૂ જે કુળમાં ગણ્યો.
પાંચમા ગુરૂ જેણે આપ્યા મંત્ર, છઠ્ઠા ગુરૂ જ્યાંથી જાણ્યો જંત્ર;
પછીથી ગુરૂનો નવ રહ્યો પાર, જ્યાં જ્યાંથી જણાવ્યો સાર.
કોયલ, કાબર કાગડા સાર, ગધા ઘોડા ને ઊંટ અપાર;
ઝાડ પહાડને ઝરણાં જેહ, કીટ પતંગથી કુંજરની દેહ.
માણસ જોવામાં નવ રાખી મણા, ફકીર ફાતડા જોયા ઘણા;
વળી જોયા જોગીને જતી, જોઈ લીધી ગુણકાઓને સતી.
સાર ભાળું તે સંઘરી લઉં, અસાર હોય તે ફેંકી દઉં;
તેથી પહોંચ્યા મનના કોડ, એકવાર બોલો જયજય શ્રી રણછોડ.

"ભજન."

કારીગર એક દેખ્યોરે, કરામત તે નવ જાયે કહી;
બંગલો એક બનાવ્યોરે, તેમાં તો એ રહે [illegible] સહી. કારીગર. ૧
તે બંગલાને દસ દરવાજા, ને ફરતી મૂકી છે [illegible]ારી;
[illegible] [illegible]ાં ભુદ [illegible] બારી. કારી. ૨

તેમાં બે દિપક મૂક્યા છે, અજવાળું થાવા કાજ;
સાંભળ્યાની શક્તિ માંહી મૂકી, તેવો સરવે ભર્યો છે સાજ. કારી. ૩
સુંઘવાની સમજ પડે એને, જાણે સપર્સનું જ્ઞાન;
ચાલવાની શક્તિ છે તેમાં, સર્વે વાતનું જેને ભાન. કારી. ૪
વાયુને તો વશ કરી રાખ્યો, તે ઉંચો નીચો થાય;
જઠરાનું માંહે જોરજ મુકયું, ખાધેલું સર્વે પચી જાય. કારી. ૫
તે બંગલામાં એક કૌસીલ કીધી, વીચાર કરવાના કાજ;
તેમની સલાહ પ્રમાણે વર્તે, તેનું પોતે ચલાવે છે રાજ. કારી. ૬
તેની જો દોસ્તી કરશો તો, ભાઇ થાશે તમારૂં કામ;
આવાગમનનો ફેરો ટળશે, સાચું કહે છે જીવરામ. ારી. ક૭



ભાઇઓ ! જરા વાંચોતો ખરા ! કે હું કેવો છું.

ભાઇઓ તમો જાણુતા હશો કે આ પારસમણી બનાવનારો તો બહુજ હોંશિયાર માણુસ હોવો જોઇએ. તો હું કહુ છું કે તેમાં તમો ઠગાવો છો. સાથી કે હુ કાંઇ તેવો નથી હું તો તમારા જેટલું પણ જાણુતો નથી. ત્યારે તમો કહેશો કે તે પારસમણીનું પુસ્તક તમે કેવી રીતે બનાવ્યું ? તો તેનો જવાબ તેજ કે તમે બત્રીસ-પુતળીઓની વાર્તા વાંચી છે ? ને તેમાં ભોજરાજાની વાત આવેછે. તે ભોજરાજાએ ન્યાય ન ચુકાવ્યો. તે વગડે ઢોર ચારતા પીંડારી-ઓએ ચુકાવી [illegible] હતો. તો શું તે પીંડારીયા હોંશીયાર હતા. તો તમે કાં [illegible] તે પીંડ [illegible] કાં [illegible] તે તો પેલા

ટીંબા ઉપર બેસી ઇન્સાફ કરતા હતા. ને તે ટીંબામાં કોઇ ઐાલૌ-ક્કિ કરામત હતી. તેના પરતાપથી તે તેમ કરી શકતા હતા. તે મારા વિષે પણ તેમ જાણવાનું છે. તેમને જેમ તે ટીંબા ઉપર ચઢવાથી સર્વે વાતનું જ્ઞાન થાતું હતું. ને ખરો ન્યાય આપી શકતા હતા. તેમ મારામાં તેવો એક મોટો ખાડો છે. ને તે ખાડામાં ઉતરૂં છું એટલે હું પણ તેમની પેઠે સર્વે જાણી શકું છું. ને બહાર આવ્યો કે બસ હતો તેનો તે ભાઇઓ ? મારી પેઠે તમારામાં પણ એક તેવો મોટો ખાડો છે. ને તેનો તમો બારિકાઇથી ઉતરશો તો તમો પણ તેમ કરી શકશો. તે નિરવિવાદ સમજવું. પણ તે ખાડો ઘણો સાંકડો છે. એટલે બીજું કોઇ સાથે આવી શકે તેમ નથી. એતો તમો એકલાજ તમારી મેળે સ્થિર મન રાખી સરરરક કરતા કે....ઉતરી પડજો. એટલે તમારૂં કામ થઇ જવાનું.

" ચોપાઇ.......છપ્પો. "

હું મૂરખ કહો તે શું કરૂં, જાણું નહિ તો શું ઓચરૂં.
જાણ્યું તેને કીધું છે કામ, મારૂં માંહે મીથ્યા છે નામ.
કરતા હરતા ગુરૂમહારાજ, તે પ્રતાપે બાંધી પાજ.
પાજ ઉપર ચાહશે નરજેહ, જશે તેનો સરવે સંદેહ.
વિતડા વાદ કરવા જો જશે, તો તો તેનું બૂરૂં થશે.
ભલું ચાહો તો હેશો નહિ ખોડ, એકવાર બોલ જયજય રણછોડ

"દુષ્કાળીઓની આજીજી સાથે અરજી"

સાહેબો અમો એક સારા કુળવાનને આબરૂદાર માણસ છીએ. તથા ગરીબો પણ છીએ. ને અમારામી ધન વીગેરે કોઇ પ્રકારનું સાધન બની શકે તેમ નથી. અને આ દુષ્ટ દુષ્કાળના પંજામાં સપડાઇ જવાથી ઘણું દુઃખ સહન કરીએ છીએ. અને અન્ન વસ્ત્રના દુઃખથી ઘણી મુસ્કેલીમાં આવી પડયા છીએ. અને જાતે શાહુકાર? જેથી જાહેર રીતે કોઇની પાસે માગી તો શકાયજ નહિ. ને કોઇ દયાળુ શ્રીમંત ગૃહસ્થ જો અમને ગુપ્ત રીતે મદદ આપે તો લાચારીને લીધે લેઈ શકીએ તેમ છે. તે પણ ચોગ્ય તો નથી. પણ કરવું શું? તો અમારા લાચારીમાં આવી પડેલા ગરીબોની પણ કાંઇ દાદ આપ ધ્યાનમાં લેશો? તો આપનો મોટો ઉપકાર માનવામાં આવશે.

આ મુરબી શેઠીઆઓ ઉપરની અરજી સાંભળી મેં એક યુક્તિ શોધી કાઢી આ પારસમણી નામનું એક ફંડ કાઢયું છે. તો તે ફંડ બાબત બીજા પાનામાં વાંચી વાકેફગાર થશો. ને તમારાથી બનતી મહેનત કરી. તે ગરીબડા દુષ્કાળીઆંનાં બળતાં હૃદય ઠારવા માટે તત્કાલીક ઉપાય લેશો. એવી આપની સંપૂર્ણ ખાત્રી છે. ને આ કામમાં મને જે જે ખર્ચ થવાનું તે અત્રેના રહીશ. સખી ગૃહસ્થ મારા વહાલા મિત્ર .. રા. શા. વિઠુલદાસ પુરૂસોતમભાઈએ રૂ. ૧૫) તો ફંડમાં ધર્માદ આપ્યા છે. ને પહેલેથી ચોપડીઓ છપાવવામાં આશરે રૂ. ૨૦૦ ખર્ચ થાય તેમ લાગવાથી તે રકમ તેમણે પા-

રમમણીના નામથી જુદુ ખાતું પાડી ધીરવા ઇન્તેજારી જણાવી છે. ને રૂપીઆ વસુલ આવેથી પાછા લેઇશ. તેવો કરાર કર્યો છે. તો તે સાહેબનો હું કોઇ પ્રકારે ઉપકાર ભૂલી શકું તેમ નથી. અહાહાહા? શું તેમની ગરીબો ઉપરની મુમતા ને દયાળુ લાગણી. તો તેવા ધર્મ વીરનું કૃપાળુ પ્રભુ કેમ ભલું નહિ કરે? અવશ્ય કરશેજ.

વળી આ ધર્મના કાર્યમાં જેમણે પોતાના પદરથી તથા લાગતા વળગતા સખી ગૃહસ્થો તરફથી સારી રકમ એકઠી કરી મોકલાવી આપવા ફરમાન કરેલું. તે ઉપરથી તે ધર્મ વીરોનાં મુબારક નામની યાદી આ નીચે મુજબ આપવામાં આવી છે.

ગજલ.

દુષ્કાળીયાકેં પોકારકી.

ગરીબ સબ બોલતા હે વાણી, આંખુસેં ઝરતા હે પાણી. ટેક.
કપરા કાળ કહાં થકી આવ્યા, હતા ધન સર્વે ગુમાવ્યા;
બેચ દીયા ઢોરીને લોટા, તો કહાંસે પહેરે ધોતી ક્ષોટા. ગરીબ. ૧
નવ રહ્યા હાથમાં નાણા, તો ઘરમેં કયાંસી આવે દાણા;
બાળક જાઇ ખોળામાં રૂવે, બાપુ મેરે ખાનેકું જુએ. ગરીબ. ૨
બાપુ હમ પહેલે હવા બાકા, દેખો પેટમેં ખાડા;
અરરે કેમ ખમાસે, ભૂખેસી જીવડો જાસે. ગરીબ. ૩
[illegible] બીમારને [illegible] રચ્યાં;

દયાળુ તે દિલમાં ધરશે, લાવી અન્ન કોઠીમાં ભરશે. ગરીબ. ૪
વસ્ત્ર તણા નહિ રહે તોટા, બાપુ તુમે નહિ દેખા મ્હોટા;
એમની તો ખાતું હોય જુદી, ગરીબપર પડવાના કુદી. ગરીબ. ૫
બીજું કોઇ વાત નવ જાણે, આપી જશે તેવા તો ટાણે;
મૂકી દો આળસને કહાડી, છાની રાખો રૂએ મુજ માડી. ગરીબ. ૬
ઝાલી લ્યો હાથમેં માળા, સમરો ગોવિંદ ગોપાળા;
તે આવી સુખ તો કરશે, કર્મનું પાંદડું ફરશે. ગરીબ. ૭
કરોને ભજન તણી હેલી, અન્તે પણ એજ છે બેલી;
હાલ તો કષ્ટ એ કાપે, અંત્યે તો મોક્ષ એ આપે. ગરીબ. ૮

ગજલ. ૨

ખુદાતો નથી રહ્યા જાતા, મૂરખ તું કાયકું મુઝાતા. ટેક.
ખુદાને બહેરા શું ધારે, ઘડી ઘડી બાંગ પોકારે;
રહેતા હે તારી તો પાસા. કરતા હે અજબ તમાસા. ખુદાતો. ૧
જરા તું આંખ જો ખોલે, કહે મુખ માંહી કોણ બોલે;
કરતાહે નેણથી ચાળા, પિતા હે પાણીકા પ્યાલા. ખુદાતો. ૨
સાંભળતા કાનથી નાદા, રહ્યા લે જીભથી સાદા;
નાકથી સુગંધકુ ગ્રે[illegible]ા, કરથી આપતા લેતા. ખુદાતો. ૩
ચર્ણથી ચાલતા [illegible]રી, દુનિયાં જાણ તો સારી;
વરસાતા મેઘકા [illegible] અન્નકા નહિ રાખતા ટોટો. ખુદાતો. ૪

ભરતા નવાણુમાં વારી, ઉસકી કળાહે ભારી;
દેતાહે દમડાતો ઝાઝા, પલમેં બનાતાહે રાજા. ખુદાતો. ૫
જન્નુ જો દિલમાં ધારે, અન્નબિન ભૂખસે મારે;
મરાળ કું મોતીઓ દેતા. કુંજરકી ખબર ઓ લેતા. ખુદાતો. ૬
પથ્થરપર ઝાડ જે થાતા, ઉનકું વાં પાણી પહોંચાતા;
શ્રીફળમાં ભરતા હે નિરા, પૃથ્વીમાં પાકતે હેં હીરા. ખુદાતો. ૭
મા, થાનમે દૂધ ઓ ભરતા, પીછેસેં બાળક અવતરતા;
અંધારા આવી તો રહ્યા, આકાશમેં ચંદ્ર તો કીઆ. ખુદાતો. ૮
દીવસે તુંને તાપ જો લાગે, વાયુ વહી રહ્યા હે આગે;
તું ચીંતા કાયકું કરતા, અગ્નિ તારી રસોઇ તો કરતા. ખુદાતો. ૯
પૃથ્વીમાં જ્યાં જ્યાં તું ફરતા, સાથે રહી રક્ષા ઓહી કરતા;
સુણી લ્યો નર અને નારી, ખુદાકી યુક્તિ હે ભારી. ખુદાતો. ૧૦
સબ એ કર રહ્યા કામા, ખાલી કયું કરતા ઉધામા;
આલમ સબ ઉનકે ધાર્યા, વળી ઓ રહેત હે ન્યારા. ખુદાતો. ૧૧
ન્યારા રહી દોર ઓ તાણે, દુનિયા કોઇ નહિ જાણે;
એસી અટપટી હે માયા, જગત તો સબ ભરમાયા. ખુદાતો. ૧૨
જાણે કોઈ બિરલા જ્ઞાની, જાણે નહિ જે અજ્ઞાની;
ઉસકું જાણુ લ્યો ભાઇ, જીવાને ગજલ તો ગાઇ. ખુદાતો. ૧૩

કુંડળીઓ.

ખુદા ખુદા શું કરે, ખુદાનો સર્વેમાં વાસ;
ખુદાને [illegible] તારી

બહાર ખોળવા જઈશ તો, બેસશે નહિ કંઇ ઘાટ;
ખુદાને જોવા હોય તો, કાઢ માંહેથી કાટ.
કાઢ માંહેથી કાટ, ખુદા નથી ગયો નાશી;
થઈ જઈશ ખુદા સ્વરૂપ, જો તારા દીલમાં તપાસી.

કુંડળીઓ.

ગંગા તો ઘરમાં વસે, ખંતે ખાળમાં નહાય;
બોલે તે બીજો નહિ, બહાર શું ખોળવા જાય.
ઓળખ એધાણે એહને, એની સાથે છે કામ;
ભ્રાન્તિથી ભટકે ઘણું, કોનું લે છે નિત્ય નામ.
કહોનું લે છે નિત્ય નામ, નથી તેનાથી તું જુદો;
એને તું બે એક, પકડી લે મુળ મુદો.

ચોપાઈના છપ્પા.

સુધામાં તો વધે છે મન, તે વિના દેખાય નહીં અન્ય;
અન્ય નથિ તો શેષ્ય શું રહે, શેષ્ય રહે તેને ઇશ્વર કહે.
તારે ઇશ્વર જાણવું મન, એ રચી લે છે ચૌદ ભુવન;
તેનું છે નિરાકાર રૂપ, એની અકળકળા અનુપ.
જાણપણાની શક્તિ ખરી, સર્વે ગુણ મુકયા માંહી ભરી;
એને જયારે સ્ફુરણા થાય, એટલે જગતરૂપે જણાય. ૧
જ્યારે એને સુષોપતિ થઇ, ત્યાર પછી જણાતું નથી કંઇ;
એના વડે તો સઘળું ખરૂં, એ જતાં સર્વે રહે પરૂં.
માટે તમે તો માની લ્યો, બીજું જો જાણો તો કહો.
મેં તો [illegible] યું તે [illegible] રૂં રહ્યું.

તેમાં મારે નથી કાંઇ વાદ, ભાઇઓ કોઇ નવ કરશો ખાદ;
જેની પાંખમાં જેટલું જોર, એટલું તે ઉડે અંકોર. ૨
ઝાઝું જોર જો કરવા જાય, તો તો વેદના વસમી થાય;
તેવું સમજી બેસી રહું, નવ જાણું તો કયાંથી કહું.
કહેવાનું મારૂં નથી કામ, નથી રળી ખાવા કાંઇ દામ;
સેજે સેજ તે સ્ફુરણા થઇ, આવડી તેટલી વાણી કહી.
ગાંડુ ઘેલું જાણ્યું જેહ, તમ આગળ કહી બતાવ્યું તેહ;
નવ કીધું કોઇને દેવા બોધ, માટે કોઇ નવ કરશો ક્રોધ. ૩
જે કીધું ને મારા માટ, માટે કોઇ નવ ઘડશો ઘાટ;
મારૂં રાંધ્યું હું તો જમ્યો, મારો વિશ્વાસ મારામાં રમ્યો.
રૂચે તો હૈયે રાખજો, નવ રૂચે તો નવ ચાખજો;
નથી પંડીત તે જાશે લાજ, જ્યાં ત્યાં કીધું પરમારથ કાજ.
કોણુ ભણ્યું છે માત્રા મેળ, જ્યાં ત્યાં કીધું છે સેળભેળ;
જ્ઞાની કેઇ નવ કરશે વાદ, ખોટીલો જન કરશે ખાદ. ૪
તેમાં મારૂં શું બગડે કાજ, નથી પડી રહેવા કંઇ રાજ;
માટે મુજપર આણજો મેર, મારે નથી કોઇ સાથે વેર.
કરગરીને કહું છું કરજોડ, ભાઇઓ કોઇ નવ દેશો ખોડ;
હું તો ગમે તેવો છું હુવો, પણ તમે તમારી મોટાઇ જુવો.
મોટા મોટાઇનું રાખજો માપ, છું હું બેટો તમે છો બાપ;
તે બાપ તો ઇશ્વરરૂપ, જીવો આહીં થઈ બ. \ છે ચુપ. ૫

છેવટનો સાર.

આ હરીજનો મારા ઘણા વખતના અનુભવે કરીને છેવટમાં છેવટ મન વધે છે. તો તેને મેં ઈશ્વર માન્યું છે. તેથી એ કંઈ વીશેષ હોય તો જે ત્રણ અવસ્થામાં જેની જાગૃતિ છે એવું જે જ્ઞાન એટલે જે જાણ કરનારે કે આજે હુ ઉંઘ્યો હતો તે એક રાત્રે વાણું વાયું તેવું જે જાણે છે. તેને જાણનાર પુરૂષ કહો કે મન કહો. અગર દેહ કહો કે છાયા કહો. ઓત પોત બન્ને એક સ્વરૂપ છે. તો મન ઈશ્વર સ્વરૂપ થયું તે મારા તમારા ને આખા બ્રહ્માંડમાં વિસ્તરી રહેલું છે. ને તે વિના બીજું અન્ય કાંઇ નથી તો કોનો ભય માનવો ને કોને જુદુ ગણવું. સરવે મારૂં પોતાનું છે. જેમકે એક દીપકથી અનેક દીપક કરવામાં આવે છે. તેમ એક પુરૂષથી અનેક સૃષ્ટિઓ થાય છે. જેમ બીજો દીપક કરવાથી પ્રથમનો દીપક કમી થતો નથી તેમ એકનો અનેક રૂપે થતો ઇશ્વર ન્યુનાધીક થતો નથી. ને સદાકાળ અખંડીત રહે છે તો હું એ પણ તેવો છું. ને મારો કોઈ કાળે નાશ નથી ને બીજાઓ પણ તે સ્વરૂપ છે એટલે તેનો પણ નાશ નથી તેવું સમજી સરવે એક રૂપે જાણી, ઉપરના વહેવાર કરવા, પણ અંદર ખેદ ન રાખવો. જેમકે નાટકકારો ખેલ કરતી વેળાએ રંગ ભોમીપર આવી ઘણી વિચીત્ર તરેહના તમાસા કરી બતાવે છે પણ પડદામાં ગયા તો જેમ એકના એક છે ને સરવે પોતાનું છે. તેવું જાણી કોઇ કોઇના ઉપર દ્વેષ કરતા નથી. ફક્ત પ્રેક્ષકોનાં મનરંજન કરવા માટે કરે છે. તેમ આપણે પણ તેવી રીતે આ જગતરૂપી નાટકશાળાની રંગ ભોમી ઉપર, ઉપર ઉપરનું નાટક ભજવી બતાવવાનું છે. ને ગમે તેવા સુખ દુઃખના પાઠ ભજવવાના આવે તો સુખેથી ભજવી બતાવવાના છે. તેમાં જરાએ અણગમો કે કલેશ કરવો નહિ ને સદાએ આનંદમાં રહેવું. તેનું

નામજ મોક્ષ. તેજ વૈકુંઠ. તે અક્ષરધામ. ને કૈવળ જ્ઞાન તેથી ઉલટા ચાલીને મનમાં સુખ દુઃખ ધરી ખેદ કરવો તે મોટામાં મોટું નર્ક છે. એમ માનવું તેથી કંઇ વીશેષ હોય ને આપ જાણુતા હોય તે સેવકપર કૃપાવંત થઇ જણાવશો. તો મારા જ્ઞાનમાં વધારો થશે તથી હું આપનો મોટો ઉપકાર માનીશ.

ગાયન–રાગ સુંદીર શામળીયા.

હે પ્રભુ પાતળીઆ, નામ જપીશ નિત્ય તારૂં;
મમ હૃદયે વશીયા, એક ઘડી ના વીસારૂં. (હે પ્રભુ) ૧
દુષ્ટ અડસઠો કયાં થકી આવ્યો, ભૂખ દુઃખ બે સાથે લાવ્યો;
નિરાધારનો જીવ ગભરાવ્યો, અવની ઉપર કેર ચલાવ્યો.
હૃદય બળે નિત્ય મારૂં. હે પ્રભુ પાતળીયા. ૨
મુંગાં ઢોર મનમાંહીજ રોતાં, અવનીપર ઉભાં થઇ જોતાં;
ખાવા ન થળે તૃણુ કે છોતાં, બેઠાં બેઠાં ઘરધણી રોતાં.
કેવું ભાગ્ય અમારૂં. હે પ્રભુ પાતળીયા. ૩
નિરાધારને દુઃખ છે ભારી, રૂવે છે સૌ નરને નારીછે;
બાળકડાં મુકયાં છે વિસારી, ત્રાહ ત્રાહ કરી રહ્યાં પોકારી.
શું કરવા પ્રભુ ધાર્યું, હે પ્રભુ પાતળીયા. ૪
અલબેલા હવે લ્યોને ઉગારી, દુઃખ ઘણું છે નવ નાખશો મારી;
તમ આગળ અમો રાંક ભીખારી, વેઠાતી નથી આફત ભારી.
નથી હવે નાઠા બારૂં, હે પ્રભુ પાતળીયા. ૫
સેવક જીવો કરજોડી કહે છે, હાલ ગામ ધીણોજમાં રહે
હરીજન કોઈ ચિત્તમાં લેશે, મરજી પ્રમાણે દાન દેશે.
છુટે નરકનું બારૂ હે [illegible] પાતળીયા. ૬

અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થોનાં નામ.



રા. રા. દયારામ મીયાચંદભાઈ માસ્તર	કાપડવીળા.
રા. રા. ગોપાળદાસ જેસીંગભાઈ	અનાજના વેપારી.
રા. રા. લાલજીભાઈ વણારશીભાઈ	મીસ્ત્રી.
રા. રા. ભીખાભાઈ પીતામ્બરદાસ	જમીનદાર,
રા. રા. ઉમેદભાઈ અજરામણ	તેલ ઘીના વેપારી.
રા. રા. મેમણ અમીભાઈ રસુલભાઇ	નેસ્તી.
રા. રા. મુલ્લાં અકબરઅલી અલીભાઇ	કટલેરી માલના વેપારી.
રા. રા. કમરૂદીન સુલેમાનજી	ખાદી કાપડના વેપારી.
રા. રા. જીવાભાઇ નજરઅલી હરરવાલા	આફ્રિકા.

ગામ રણુંજ.

રા. રા. ભાવસાર. દામોદરદાસ જીવણદાસ	સદર.
,, ,, ,, મોહનલાલ રામચંદદાસ	,,
રા. રા. શા. ઘહેલાભાઇ પાનાચંદ	ગૃહસ્થ.
રા. રા. ભાવસાર. જેસંગભાઇ ઝુમખરામ	વેપારી.

ગામ કનોડા.

રા. રા. જેસીંગભાઇ શામળદાસ પટેલ.	મેમ્બર.
રા. રા. પટેલ પરભુદાસ તળજનદાસ	મુખી પટેલ.

ગામ દેલોલી.

રા. રા. શા. બલાખીભાઇ પીતામ્બરદાસ	ગૃહસ્થ.
રા. રા. પટેલ બાજીદાસ બહેચર	વેપારી.

ગામ ખારા.

રા. રા. પટેલ દલસંગ મેઘરાજ — પ્રાંત પંચાયત મેમ્બર.

ગામ વડનગર.

રા. રા. દવે અમ્રતલાલ શોભારામ — ગૃહસ્થ.

ગામ ચવેલી.

રા. રા. ભાવસાર દલસુખભાઇ ઘેહલાભાઇ હરીભકત.

ગામ મોટબ.

રા. રા. પટેલ કહાનદાસ પ્રભુદાસ — જમીનદાર.

રા. રા. પટેલ ગોદડભાઇ બાલચંદદાસ — „

રા. રા. શા. ડાહ્યાભાઇ ગુલાબચંદ — વેપારી.

ગામ મેરવાડા.

રા. રા. ગુલાબભાઇ મીયાંજી — ગૃહસ્થ.

ગામ ગોરાદ.

રા. રા. પટેલ કાળુભાઇ કામરાજ — ગૃહસ્થ વેપારી.

રા. રા. મહેતા મગનલાલ મલુકચંદ — „ „

રા. રા. પટેલ રણછોડભાઇ ઝવેરદાસ — મુખી પટેલ.

ગામ ધીણોજ.

રા. રા. મહેતાજી મોહનલાલ છગનલાલ — હેડતલાટી.

રા. રા. પોપટલાલ મનસુખરામ — આસિસ્ટંટ તલાટી.

રા. રા. પટેલ અંબારામ પુરૂષોતમ — ટેસલદાર પટેલ.

રા. રા. મહેતાજી હરીશંકર ઝુમખરામ — સ. ગુ. શા. નં. ૧ હેડમાસ્તર.

રા. રા. મહેતાજી બાપલાલભાઇ — સ. ગુ. કન્યાશાળાના મહેતાજી

રા. રા. મહેતાજી લલ્લુભાઇ છગનલાલ — સ. ગુ. શા. નં ૨ ના મહેતાજી.

રા. રા. શા. [illegible] ઉજમચંદ — કાપડવાળા.

રા. રા. દરજી શેવકરામ ઝવેરદાસ	મશીન ટેલર.
રા. રા. રંગરેજ ગુલમહંમદ દાદાભાઇ	અનાજના વેપારી.
રા. રા. પીંજારા કાળુભાઇ હસનભાઇ	સદરૂ
રા. રા. પીંજારા દાદુભાઇ મહંમદભાઇ	,,
રા. રા. ,, ભીખાભાઇ મુસેભાઇ	પરચુરણ વેપારી તથા દલાલ.
રા. રા. શ્રીમહંત મહારાજ સીતાસરણ રામસરણ	ઇનામદાર.
રા. રા. પટેલ નારણભાઇ ધહેલીદાસ	મધ્યસ્થપંચ.
રા. રા. શાહ શીવલાલ અમથાચંદ	સરાફ.
રા. રા. શાહ ચુનીલાલ હાથીચંદ	ગૃહસ્થ.
રા. રા. હાથીચંદ રામચંદ	ગૃહસ્થ.
રા. રા. શા. કસ્તુરભાઇ ઝુમખરામ	,,
રા. રા. ગાંધી અમરતલાલ ઇચ્છારામ	,,
રા. રા. જેસીંગભાઇ નાનચંદ	,,
રા. રા. શા. કસ્તુરભાઇ ભીખાભાઇ	,,
રા. રા. લક્ષ્મણભાઇ મોહનલાલ	મુખી પટેલ.
રા. રા. હરીભાઇ બળદેવભાઇ આચારજ	
રા. રા. શા. નથુભાઇ લલ્લુભાઇ	ગૃહસ્થ
રા. રા. સોની મોહનલાલ જગન્નાથ	,,
રા. રા. માધવજી રણછોડભાઇ	ગોળના વેપારી.
રા. રા. બહેચરભાઇ વેલાભાઇ	સદર.
રા. રા. નથુભાઇ મોતીભાઇ	,,
રા. રા. પ્રભુદાસ પાનાચંદ	,,
રા. રા. નથુભાઇ વેલચંદ	
રા. રા. મગનલાલ ખોડીદાસ	દલાલ.

રા. રા. ચુનીલાલ ખોડીદાસ	ઘીના વેપારી.
રા. રા. સુખરામ રૂપરામ	મારફતીઆ.
રા. રા. લલ્લુભાઇ હીરાચંદ	મારફતીઆ.
રા. રા. પ્રેમચંદ કચરદાસ	કાપડવાળા.
રા. રા. તારાચંદ મગનલાલ	સદર.
,, ,, શા. વાડીલાલ ખેમચંદ	ગૃહસ્થ.
,, ,, શા. માણેકલાલ પુંજાભાઇ	,,
,, ,, શા. ભુદરભાઇ ઉજમચંદ	,,
,, ,, શા. જેસીંગભાઇ પીતાંબરદાસ	,,
,, ,, શા. મણીલાલ કપુરભાઇ	,,
,, ,, સુતાર. મોતીરામ જીવરામ	,,
,, ,, આચારજ નારણભાઇ મથુરભાઇ	,,
,, ,, ભાવસાર. અંબારામ કેવળદાસ	વેપારી.
,, ,, ભાવસાર. જમનાદાસ ગુલાબચંદ.	કાપડના વેપારી.
,, ,, ,, બળુતરામ કચરદાસ	સદર.
,, ,, ,, છોટાલાલ પરથીરાજ	આબરૂદાર ગૃહસ્થ.
,, ,, ,, જીવણદાસ ગણેશદાસ	સદર.
,, ,, ,, ભાયચંદ પુરૂષોતમદાસ	ચોપડાના વેપારી.
,, ,, અંબારામભાઇ વણારસીભાઇ.	મીસ્ત્રી.

સંખલપુર.

રા. રા. ચોકશી હેમચંદ રણછોડદાસ	ગૃહસ્થ.
,, ,, ભાવસાર શંકરલાલ છગનલાલ	,,

ગામ કમાલપુરા.

રા. રા. ચોધરી કેસરીસંગ દલસંગભાઇ.	મુખીપટેલ.

" મુબાઇમાં વસ્તા ધીણોજ ગામના ગૃહસ્થો. "

નીચે જણાવ્યા પ્રમાણે સદ્‌ગૃહસ્થો તરફથી આ ધર્મના કાર્યમાં એક મોટી રકમ આપવાની વકી જણાઇ છે તેથી તેઓ સાહેબોનાં મુબારક નામોની યાદી આપવામાં આવે છે.

રા. રા. શા. ચુનીલાલ છગનલાલ આબરૂદાર ગૃહસ્થ.
,, ,, આચારજ પ્રાણનાથ બળદેવભાઇ રેશમના વેપારી.
,, ,, શા. વાડીલાલ ગુલાબચંદ ઝવેરાતના દલાલ.
,, ,, શા. નથુભાઇ મગનલાલ આબરૂદાર ગૃહસ્થ.
,, ,, શા. નરોતમદાસ ગોપાળદાળદાસ ,, ,,
,, ,, શા. નથુભાઇ દવારકાંદાસ ,, ,,
,, ,, શા. જગજીવનદાસ કસ્તુરભાઇ ,, ,,

ગામ કલ્યાણી રહીશ ધીણોજવાળા.

રા. રા. શા. મગનલાલ લક્ષ્મીચંદ ચોખાની મીલવાળા.

પીંપળ

રા. રા. દવે બાળાશંકર લક્ષ્મીશંકર આબરૂદાર વેપારી.

કાંબળી.

રા. રા. શા. શામળદાસ સદાસીવ ગૃહસ્થ.
,, ,, ભાવસાર કેશવલાલ દવારકાંદાસ સદર.

" મારા પોતાના ખાનગી સ્નેહીઓ તરફથી આ ધર્મના કાર્યમાં એક સારી રકમ એકઠી કરી મોકલી આપવામાં આવે તેમ છે. તો તેઓ સાહેબોનાં મુબારક નામોની યાદી આપ્યા વિના નહિ ચાલી શકે તેમ હોવાથી આ નીચે પ્રમાણે ઉમંગ સાથે જગ્યા કરવામાં આવી છે. "

રા. રા. પટેલ ઉમેદભાઇ ગોદડભાઇ વેપારી ગામ મુદેરા.
,, ,, મણીયાર અંબારામ ગણેશભાઇ ,, ,, પીંપળ.

,, ,, પટેલ ભુદરભાઇ ગોદટભાઇ હરીભક્ત ,, જોટાણા.

,, ,, ભાવસાર નરસીભાઇ મલુકચંદ કાપડવાળા. સદર.

,, ,, ભાવસાર મગનલાલ ખુશાલદાસ ,,

,, ,, ભાવસાર જમનાભાઇ જેસીંગભાઇ ,,

,, ,, ભાવસાર અંબારામ જગજીવનદાસ ,,

,, ,, ભાવસાર છગનલાલ ઉમેદદાસ ,,

,, ,, ભાવસાર લલ્લુભાઇ મુળચંદદાસ ,,

,, ,, ભાવસાર મગનલાલ આત્મારામ શેઠ મહેસાણા.

,, ,, ભાવસાર જમનાભાઇ ગોપાલદાસ શેઠ. સદર.

,, ,, ભાવસાર લાલજીભાઇ મીયાચંદ શેઠ. ,,

,, ,, ભાવસાર કચરાભાઇ વનમાળીદાસ શેઠ. ,,

ગામ સીદ્ધપુર.

શા. ા. આચારજ વિઠ્ઠલભાઇ હરગોવનદાસ. ગૃહસ્થ.

,, ,, ભાવસાર મુગટરામ ઉમેદરામ ,,

,, ,, ,, કુબેરભાઇ વલ્લભરામ. સદર.

,, ,, ,, ગોપાળભાઇ વલ્લભરામ ,,

,, ,, ,, ચુનીલાલ અમુલખદાસ ,,

,, ,, ,, છગનલાલ કેવળદાસ ,,

,, ,, ,, હરગોવનદાસ પુંજીરામ ,,

,, ,, ,, મીયાચંદ નાગરદાસ ,,

,, ,, ,, મલુકચંદ વનમાળીદાસ. ,,

,, ,, ,, મગનલાલ કેવળદાસ. ,,

,, ,, ,, ચુનીલાલ વિઠ્ઠલદાસ ,,

અમદાવાદ.

રા.	રા.	ભાવસાર	નથુભાઇ માનચંદ	સ્વદેશી મીલના કલાર્ક
,,	,,	,,	ખુશાલદાસ રણછોડદાસ	ગૃહસ્થ
,,	,,	,,	બલ્લાખીદાસ મીયાચંદદાસ	,,
,,	,,	,,	કીસોરદાસ લક્ષ્મીરામ	સદર.
,,	,,	,,	દલસુખભાઈ ભૂખણદાસ	,,
,,	,,	,,	કેશવલાલ જમનાદાસ	,,
,,	,,	,,	અંબારામ ગોપાલદાસ.	,,
,,	,,	,,	ઇશ્વરદાસ ગોપાળદાસ	ગૃહસ્થ
,,	,,	,,	હીરાચંદ ભૂદરદાસ	સદર.
,,	,,	,,	ગુલાબચંદ મીયાચંદદાસ	,,
,,	,,	,,	તારાચંદ જીવરામ	,,
,,	,,	,,	ત્રીકમલાલ કુબેરદાસ	,,
,,	,,	,,	રણછોડલાલ ભાયચંદભાઈ	,,
રા.	રા.	શેઠ	દોલતચંદ કીરપારામ.	,,
,,	,,	,,	જેઠાભાઈ નારણદાસ	,,

ગામ છકીયારડા.

રા.	રા.	ભાવસાર	તારાચંદ કેવળદાસ	સદર
,,	,,	,,	જેઠારામ કેવળદાસ	,,
,,	,,	,,	મુળચંદદાસ વસ્તારામ	,,
,,	,,	,,	પાનાચંદ કચરાદાસ	,,
,,	,,	,,	લીલાચંદ દલછારામ	,,

ગામ ગેરીતા.

રા.	રા.	ભાવસાર	વનમાળીદાસ હેમચંદદાસ	સદર

,,	,,	,,	કરમચંદ તારાચંદ	,,
,,	,,	,,	હીરાચંદ ગોપાલદાસ	,,
,,	,,	,,	રણછોડદાસ જયચંદદાસ	,,
,,	,,	,,	અમથાલાલ કસ્તુરદાસ	,,
,,	,,	,,	ગુલાબચંદ હરિચંદ	,,
,,	,,	,,	પુંજીરામ ત્રિકમલાલ	,,
,,	,,	,,	ભૂદરદાસ હરિચંદ	,,

વિસનગર.

રા.	રા.	વહાલામીત્ર	દ્વારકાંદાસ જેઠારામ	ગૃહસ્થ.
રા.	રા.	ભાવસાર	જેઠારામ રૂપચંદ	ગૃહસ્થ.
,,	,,	,,	કેશવલાલ ચકુભાઈ	સદર
,,	,,	,,	તારાચંદ મલુકચંદ	,,
,,	,,	,,	ત્રિભોવનદાસ ખુશાલદાસ	,,
,,	,,	,,	મોહનલાલ છગનલાલ	,,
,,	,,	,,	ત્રિભોવનદાસ વનમાળીદાસ	,,
,,	,,	,,	મગનલાલ મોતીરામ	,,

ખેરાળુ.

રા.	રા.	ભાવસાર	પીતામ્બરદાસ દલુભાઈ	સદર
,,	,,	,,	ડોસાભાઈ કાશીદાસ	,,

વડનગર.

રા.	રા.	ભાવસાર.	વનમાળીદાસ હાથીભાઈ	,,
,,	,,	,,	ભૂદરભાઇ હાથીભાઇ	,,
,,	,,	,,	ગોકળભાઇ ત્રિભોવનદાસ	,,
,,	,,	,,	મગનલાલ ત્રિકમદાસ	,,

,, ,, ,, દલસુખભાઇ હરીકરણ ,,
,, ,, ,, શીવલાલ વિઠુલભાઇ ,,
,, ,, ,, ભીખાભાઇ જેઠારામ ,,
,, ,, ,, નરોતમદાસ ગુલાબચંદ ,,
,, ,, ,, ગુલાબચંદ ગોવિંદારામ ,,
,, ,, ,, કસ્તુરચ લક્ષ્મીરામ ,,
,, ,, ,, જયચંદભ ગુલાબચંદ ,,

મુંબાઈ.

રા. રા. ભાવસાર ભુળાચંદભાઇ અમીચંદ સદર.
,, ,, ,, બલાખીભાઇ અમુલખદાસ ,,
,, ,, ,, કસ્તુરભાઇ પ્રભુદાસ ,,
,, ,, ,, કસ્તુરભાઇ કરશનદાસ ,,
,, ,, ,, મગનલાલ પાનકચંદ ,,
,, ,, ,, મોહનલાલ પ્રભુદાસ ,,
,, ,, ,, વાડીલાલ અંબારામ ,,
,, ,, ભાવસર. ગ્નાતીના ભુષણરૂપ શેઠજી સાહેબ મોહનલાલ મગનલાલ વૈદરાજ પાટણવાલા. ઠે૰ જાંમલી મહોલ્લો.

વસાઈ.

રા. રા. ભાવસાર. ભાઇચંદદાસ મીયાચંદદાસ સદર.
,, ,, ,, મોતીરામ પુરૂષોતમદાસ ,,
,, ,, ,, મગનલાલ દેવચંદ ,,

ચાણસ્મા.

રા. રા. ભાવસાર. વાડીલાલ નાગરદાસ ગૃહસ્થ.

,,	,,	,,	અમથાલાલ ત્રિકમદાસ.	સદર.
,,	,,	,,	ગોરધનદાસ માણેકચંદ	,,
,,	,,	,,	વખતરામ અમીચંદ	,,
,,	,,	,,	માધવજી ઉગરચંદ	,,

સંડેર.

,,	,,	સોની.	ગલાબચંદ દેવચંદભાઇ.	,,
,,	,,	ભાવસાર.	આત્મારામ માણેકચંદ	,,
,,	,,	,,	અમથાલાલ કરશનદાસ	,,

કડી.

,,	,,	,,	દલસુખભાઇ માનચંદ	સરાફ
,,	,,	,,	મુળચંદભાઇ ગોપાળદાસ	ગૃહસ્થ.
,,	,,	,,	સાંકળચંદ હીરાચંદ હા. બાઇ નાથી	
,,	,,	શા.	જેસીંગભાઇ લલ્લુભાઇ	ગૃહસ્થ.
,,	,,	,,	મોતીલાલ ભુદરભાઇ	સદર.
,,	,,	,,	ઉમેદભાઇ નરસીભાઇ	,,
,,	,,	ભાવસાર.	ગોવિંદજીભાઇ નાગરદાસ	,,

મહેસાણા.

,,	,,	,,	વલ્લભરામ કીશોરદાસ	,,
,,	,,	,,	દુલ્લભરામ દલીચંદ	,,
,,	,,	,,	વિઠ્ઠલદાસ પ્રભુદાસ	ગૃહસ્થ
,,	,,	,,	પ્રભુદાસ વખતરામ	સદર.
,,	,,	,,	હરજીવન રામજીભાઇ	,,

મણુંદ.

,,	,,	,,	બલાખીદાસ વખતરામ	,,
,,	,,	,,	લલ્લુરામ વખતરામ	,,
,,	,,	,,	વહાલજીભાઇ ભગવાનદાસ	,,
,,	,,	,,	મોતીલાલ ત્રિભોવનદાસ	,,
રા.	રા.	પટેલ	કલ્યાણભાઇ વલ્લમજી	ગહસ્થ.
રા.	રા.	પટેલ	વીરચંદભાઇ અમરદાસ	મધ્યસ્થપંચ.
રા.	રા.	પટેલ	ગોવિંદજીભાઈ દલમજી	અમીન.
રા.	રા	પટેલ	અમાવીદાસ કેશવજી	અમીન.
રા.	રા.	પટેલ	ઉમેદભાઇ કુબેરભાઇ	અમીન.

ઉનાવા

,,	,,	ભાવસાર.	વિઠ્ઠલદાસ ઝુમખરામ	,,
,,	,,	,,	મગનલાલ ઝુમખરામ	,,
,,	,,	,,	માણેકલાલ છગનલાલ	,,

પાટણ.

,,	,,	,,	મગનલાલ અમીચંદ	,,
,,	,,	,,	ચુનીલાલ જેઠારામ	,,
,,	,,	,,	ઉમેદરામ સાંકળચંદ	,,
,,	,,	,,	છગનલાલ હરચંદદાસ	,,
,,	,,	,,	ગોવિંદજી રણછોડદાસ	,,

વાલમ

,,	,,	,,	રામજીભાઇ મીયાચંદભાઇ	ગૃહસ્થ.

,,	,,	,,	વિઠ્ઠલભાઇ મીયાચંદભાઇ	,,
,,	,,	,,	ગોવિંદરામ ગોપાળદાસ	,,
,,	,,	,,	શંકરલાલ ગોપાળદાસ	,,

મેઉ.

,,	,,	,,	ત્રિભોવનભાઇ પ્રભુદાસ	ગૃહસ્થ.
,,	,,	,,	મગનલાલ વનમાળીદાસ	,,
,,	,,	,,	ખેમચંદદાસ હાલાભાઇ	,,
,,	,,	,,	પ્રભુદાસ બુલાખીદાશ	,,
,,	,,	,,	છગનલાલ ગોવરધનદાસ	,,
,,	,,	,,	ભૂદરદાસ વણારશીભાઇ	,,
,,	,,	,,	વીઠ્ઠલદાસ ગુલાબચંદ	,,
,,	,,	,,	ચતુરદાસ ઉમેદરામ	,,

પૅલાસર.

,, ,, ભક્ત બહેચરદાસ પુંજાભાઇ

મારા વહાલા મિત્ર રા. રા. શાહ વિઠ્ઠલદાસ પુરૂષોતમદાસ તરફથી તેમના પક્કા ભરોસાદાર મોટા આબરૂદાર અને હોદ્દેદાર શ્રીમાન ગૃહસ્થો તરફથી એક મોટી રકમ આ ધર્મના કાર્યમાં મળવાની ખાત્રી હોવાથી તેમના કહેવાથી તેઓ સાહેબોના મુબારક નામની યાદી આપવા ઘણા હર્ષ સાથે જગ્યા આપવામાં આવે છે તે નીચે મુજબ.

અમદાવાદ.

રા. રા. વકીલ નરોત્તમદાસ ડાહ્યાભાઇ આબરૂદાર શ્રીમાન ગૃહસ્થ.

મુંબાઈ.

રા. રા. શાહ પોપટલાલ જોઇતાદાસ સરાફ પાટણવાલા

રા. રા. પારેખ જીવણલાલ મણીલાલ દલાલ આબરૂદાર શ્રીમાન ગૃહસ્થ.

પાટણ.

રા. રા. વકીલ. નથુભાઇ ગીરધરલાલ આબરૂદાર શ્રીમાનગૃહસ્થ વીરમગામવાલા

રા. રા. શાહ ચુનીલાલ પુરૂષોતમદાસ ,, ,, ,,

દેત્રોજ.

રા. રા. શાહ. ગોપાલદાસ હીમતલાલ ,, ,, ,,

વડોદરા.

રા. રા. શાહ છોટાલાલ ઉત્તમચંદ ,, ,, ,,

સુરત.

રા. રા. શાહ. જયક્રીશ્નદાસ મંછારામ આબરૂદાર શ્રીમાન ગૃહસ્થ.

દેકાવાડા.

રા. રા. શાહ. લલ્લુભાઇ પ્રાણલાલ રાવસાહેબ શ્રીમાન ગૃહસ્થ.

પુના.

રા. રા. શા. કેવલચંદ સાંકળચંદ ગાંભુવાળા. ગૃહસ્થ.

રા. રા. શાઃ દલસુખભાઈ પુરસોતમભાઈ ,,

કોલાપુર.

,, ,, શા. વીજલાલ નરસીદાસ ,,

અમદાવાદ.

„ „ પારેખ ચીમનલાલ હરીવલ્લભદાસ થાણદાર સાહેબ.

કુકવાય.

રા. રા. શા. મગનલાલ કેવલભાઈ ગૃહસ્થ.

કટોસણા.

રા રા. શા. રવચંદભાઈ મુલચંદભાઈ „

પાલધડ.


રા. રા. શા. અંબાલાલ છગનલાલ „

સુચના.

—××—

ભાઈઓ આ પુસ્તકમાં માલ છે કે નથી તે તો તમોએ જાણી લીધુ હશે. પણ એક ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે તમારાથી બનતી મહેનતે દુષ્કાળથી પીડાતા ગરીબો માટે એક સારી રકમ એકઠી કરી સત્વરેથી મોકલી આપવા ભુલતા નહી મતલબ કે દુષ્કાળીઆઓથી ભૂખે મરાતું દુઃખ સહન થઇ શકતું નથી.

ગ્રંથ પ્રશંસા.



ગ્રંથો એ એક રીતે ગુરૂ કરતાં પણ વિશેષ છે. કેમકે તે માગ્યા વગર જ શિક્ષણ આપે છે; અને તે છતાં શિક્ષકની પેઠે તે કઠોર શબ્દ બોલતા નથી કે કદિ પણ ગુસ્સે થતા નથી. વળી તે આપણી પાસેથીં કંઇ પણ ધનની ઇચ્છા રાખતા નથી. તમે જ્યારે પણ તેની પાસે જશો, ત્યારે તે ઉંઘતા જણાશે નહિ. અને તેમને પ્રશ્ન કરવાથી કાંઇ પણ વાત તે તમારાથી છુપાવી રાખશે નહિ. તેનું બોલવું તમને નહિ સમજાય તો તેથી તે નાખુશ થતા નથી, અને તમે અજ્ઞાન હો તોં તેથી તે તમને હસતા નથી. ખરેખર! જ્ઞાનથી ભરપૂર ગ્રંથોનો સંગ્રહ એ આ પૃથ્વીમાં બધા ધન કરતાં મ્હોટીયાતું ધન છે, અને આવા સંગ્રહની તુલના કોઇ પણ બીજી સારી વસ્તુ સાથે થઇ શકે તેમ નથી; જેઓને સત્ય, સુખ, જ્ઞાન અને ભક્તિ ઇત્યાદિ મહત્તાઓ પોતાની કરી લેવાની ઇચ્છા હોય તેઓએ તો ગ્રંથોનો સંગ્રહ કરવાની અને તે વાંચવાની હોંશ અવશ્ય રાખવી જોઇએ.